Wednesday, 12 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩૮ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ અમાસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



કાળો રંગ લાગણીશીલ રીતે ખરાબ છે પરંતુ, દરેક કાળા બોર્ડ વિદ્યાર્થીઓને તેજસ્વી બનાવે છે.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

દિલ્હી ન્યુઝ

બોગસ વકીલો સામે દેશવ્યાપી કાર્યવાહીનો મુદ્દો ગરમાયો

સુપ્રીમ કોર્ટે નકલી વકીલો અંગે કેન્દ્ર સરકાર પાસેથી માગ્યો જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૧

દેશમાં બોગસ વકીલો સામે મોટી કાર્યવાહી કરવાની તૈયારી વચ્ચે આ મુદ્દો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. મંગળવારે સુપ્રીમ કોર્ટે નકલી વકીલો અંગે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી હતી. કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માગ્યો છે. અરજીમાં નકલી વકીલોની તપાસ CBIને સોંપવાની માંગ કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેંચે સમગ્ર મામલાને ગંભીર ગણાવ્યો હતો.

અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં દર ત્રણમાંથી એક વકીલ બોગસ હોઈ શકે છે. આ દાવો બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ મનન મિશ્રાના નિવેદનને આધારે કરવામાં આવ્યો છે. તેમના જણાવ્યા મુજબ બારમાં ૩૦થી ૪૦ ટકા વકીલો બોગસ હોવાની શક્યતા છે. જો આ આંકડો સાચો સાબિત થાય તો દેશના ન્યાયતંત્ર અને વકીલાતના વ્યવસાયની વિશ્વસનીયતા સામે મોટો પ્રશ્ન ઊભો થઈ શકે છે.

જૂન ૨૦૨૬માં વકીલો પ્રશાંત કુમાર અને વિપિન નાયરે પણ આ આંકડાઓનો ઉલ્લેખ સુપ્રીમ કોર્ટ સમક્ષ કર્યો હતો.

- (વધુ પાના નં. ૨ પર)

અતારાંકિત પ્રશ્ન સંખ્યા ૩૮૩૮ના માધ્યમથી

સાંસદ ઉમેશભાઈ પટેલે દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં વધુ લોકશાહી ભાગીદારીનો મુદ્દો લોકસભામાં ઉઠાવ્યો

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પ્રાદેશિક પરિષદ, ચૂંટાયેલા પ્રતિનિધિઓની નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી અને રાજ્યસભામાં પ્રતિનિધિત્વ આપવાની કરેલી માંગ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવી દિલ્હી, તા.૧૧

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ચૂંટાયેલ વિધાનસભાનો અભાવ અને વિકાસ અને વહીવટી નિર્ણયોમાં સ્થાનિક ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની વધુ પ્રભાવશાળી ભાગીદારી સુનિશ્ચિત કરવાનો મહત્ત્વપૂર્ણ વિષય લોકસભામાં ઉઠાવ્યો હતો.

દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ બાબુભાઈ પટેલે લોકસભામાં પૂછેલા અતારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૮૩૮ - 'Absence of Elected Legislative Body'(ચૂંટાયેલી વિધાનસભાનો અભાવ)ના માધ્યમથી કેન્દ્ર સરકારને કેન્દ્રશાસિત પ્રદેશમાં લોકતાંત્રિક ભાગીદારીને ઔર વધુ મજબૂત કરવાના સંબંધમાં કેટલાક મહત્ત્વપૂર્ણ સવાલો પૂછ્યા હતા.

સાંસદશ્રીએ ગૃહમંત્રાલયને પૂછ્યું હતું કે, દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ચૂંટાયેલી વિધાનસભા જેવી વૈધાનિક સંસ્થાના અભાવમાં સ્થાનિક જનપ્રતિનિધિઓની પ્રશાસનિક અને વિકાસ સંબંધી નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી સીમિત છે, આ હકિકત બાબતે સરકાર અવગત છે?

તેમણે સરકાર સમક્ષ Development/Advisory Territorial Council (વિકાસ/સલાહકાર પ્રાદેશિક પરિષદ)નું ગઠન કરવાનો પણ પ્રસ્તાવ મુક્યો, જેમાં સાંસદો, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ અને અન્ય ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને પ્રર્યાપ્ત પ્રતિનિધિત્વ મળે. સાથે એવી પરિષદોને વિકાસ યોજનાઓની પ્રાથમિકતા નક્કી કરવા, મોટી પરિયોજનાઓની સમીક્ષા તથા મહત્ત્વપૂર્ણ પ્રશાસનિક નિર્ણયોમાં ફરજિયાત પરામર્શ કરવાનો અધિકાર આપવા માટેનું સરકારનું વલણ શું છે? તે બાબતે સવાલ કર્યો હતો.

દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે વધુ એક મહત્ત્વનો પ્રશ્ન ઉઠાવતા પૂછ્યું હતું કે, શું કેન્દ્ર સરકારે અન્ય કેન્દ્રશાસિત પ્રદેશોની વહીવટી અને લોકતાંત્રિક વ્યવસ્થાઓનો અભ્યાસ કરીને દાદરા નગર હવેલી અને દમણ-દીવને રાજ્યસભામાં પ્રતિનિધિત્વ અને વધુ ને વધુ લોકતાંત્રિક સ્વ-સરકાર આપવાના સંબંધમાં કોઈ નીતિ તૈયાર કરી છે?

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલના સવાલોનો જવાબ આપતા કેન્દ્રિય ગૃહ રાજ્યમંત્રી શ્રી નિત્યાનંદ રાયે પોતાના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર શાસિત પ્રદેશમાં સહભાગી સરકારના માટે પર્યાપ્ત લોકતાંત્રિક વ્યવસ્થા ઉપલબ્ધ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, કેન્દ્રશાસિત પ્રદેશનું લોકસભામાં બે ચૂંટાયેલા સાંસદોના માધ્યમથી પ્રતિનિધિત્વ છે અને ૭૩મા અને ૭૪મા સંવિધાન સંશોધન અનુસાર ગ્રામીણ વિસ્તારોમાં બે સ્તરીય પંચાયત વ્યવસ્થા અને શહેરી વિસ્તારોમાં નગરપાલિકાઓ કાર્યરત છે. દરમિયાન સરકારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ભૂમિકા અને સરપંચોનો આપવામાં આવેલા નાણાંકીય અધિકારોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

જોકે, સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલ દ્વારા પૂછવામાં આવેલા (B) થી (D) સુધીના મહત્ત્વપૂર્ણ સવાલો- Territorial Advisory Council (પ્રાદેશિક સલાહકાર પરિષદ)નું ગઠન, તેને પરામર્શ સંબંધી અધિકાર આપવા તથા રાજ્યસભા પ્રતિનિધિત્વ અને વધુ લોકતાંત્રિક સરકાર- પર ગૃહમંત્રાલયે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, No such proposal is under consideration of the Ministry at present એટલે કે, 'હાલમાં કેન્દ્ર સરકારના વિચારાધિન આવો કોઈ જ પ્રસ્તાવ નથી.'

આ સંબંધમાં સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, પંચાયતો અને નગરપાલિકા લોકતંત્રની મહત્ત્વપૂર્ણ સંસ્થાઓ છે, પરંતુ તેમનું કાર્યક્ષેત્ર ખાસ કરીને સ્થાનિક સ્તર પર સીમિત છે. આખા કેન્દ્રશાસિત પ્રદેશની નીતિઓ, મોટી વિકાસ યોજનાઓ, બજેટ, પ્રાથમિકઓ અને મહત્ત્વપૂર્ણ પ્રશાસનિક નિર્ણયોમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની સંસ્થાગત ભાગીદારી માટે એક પ્રભાવશાળી મંચની અતિ આવશ્યકતા છે.

તેમણે જણાવ્યું હતું કે, ''અમારી માંગ કોઈ પણ સંસ્થાના વિરોધમાં નથી, પરંતુ લોકતાંત્રિક વ્યવસ્થાને મજબૂત કરવા માટેની છે. દાદરા નગર હવેલી અને દમણ-દીવની જનતાને પોતાના પ્રદેશના મહત્ત્વના વહીવટી અને વિકાસ સંબંધી નિર્ણયોમાં પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના માધ્યમથી વધુ પ્રભાવશાળી અવાજ મળવો જોઈએ.''

દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારે હાલમાં કોઈ જ પ્રસ્તાવ વિચારાધીન નહિ હોવાનું જણાવ્યું છે, પરંતુ તેનાથી આ વિષયની આવશ્યકતા સમાપ્ત નહિ થાય. તેઓ પ્રાદેશિક/વિકાસ સલાહકાર પરિષદ, ચૂંટાયેલા પ્રતિનિધિઓની વધુ ભાગીદારી તથા રાજ્યસભા પ્રતિનિધિત્વ સહિત વધુ લોકતાંત્રિક અધિકારોની માંગને આગળ પણ યોગ્ય સંવૈધાનિક અને સંસદીય મંચો પરથી ઉઠાવતા રહેશે.

કેન્દ્ર શાસિત પ્રદેશ દાનહ અને દમણ-દીવમાં પર્યાપ્ત લોકતાંત્રિક વ્યવસ્થા ઉપલબ્ધ હોવાનો લોકસભામાં ગૃહરાજ્ય મંત્રી નિત્યાનંદ રાયનો જવાબઃ જિલ્લા અને ગ્રામ પંચાયતોને 'ધ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પંચાયત રેગ્યુલેશન-૨૦૧૨' અંતર્ગત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વિકાસ આયોજન અને કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ માટે સંપૂર્ણ સત્તા અને સરપંચોને 'ધ દાદરા નગર હવેલી અને દમણ અને દીવ પંચાયત (એપ્લીકેશન ઓફ ફંડ્સ એન્ડ મેઈન્ટેનન્સ ઓફ એકાઉન્ટ્સ રૂલ્સ-૨૦૨૪' અંતર્ગત આપવામાં આવેલ પુરતી સત્તા

મેડિકલ વેસ્ટના નિયમોના ભંગ બદલ ૧૭ રાજ્યો, સંઘપ્રદેશોને ચીમકી

મેડિકલ વેસ્ટને ઊંડા ખાડામાં દાટીને નિકાલ કરવાની પ્રક્રિયામાં નિયમોનું ઉલ્લંઘન

નિયમભંગ કરનારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને પોલ્યુશન કંટ્રોલ કમિટીઓને નોટિસ પાઠવવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૧

બાયોમેડિકલ વેસ્ટને ઊંડા ખાડામાં દાટીને તેનો નિકાલ કરવા સહિતની પ્રક્રિયામાં નિયમોનું પાલન નહીં કરતાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વિરુદ્ધ સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (સીપીસીબી) આકરાં પગલાં લેશે. સીપીસીબીએ આ મામલે બાયોમેડિકલ વેસ્ટની ટ્રીટમેન્ટ તથા તેનો નિકાલ કરતી કેટલીકસુવિધાઓદ્વારાનિયમોના કરાઈ રહેલાં ઉલ્લંઘનના મામલાઓની સુનાવણી કરી રહેલી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ(એનજીટી)ને જાણ કરી છે. એનજીટીના ચેરમેન જસ્ટિસ પ્રકાશ શ્રીવાસ્તવ તથા એક્સપર્ટ મેમ્બર અફરોઝ એહમદે ૫ ઓગસ્ટના આદેશમાં નોંધ્યું હતું કે, સીપીસીબીએ ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિતપ્રદેશો દ્વારા કરવામાં આવતા બાયોમેડિકલ વેસ્ટને ઊંડા ખાડામાં દાટીને કરવામાં આવતાં નિકાલ (ડીપ બરિયલ) અંગે રિપોર્ટ ફાઈલ કર્યો હતો.

એનજીટીમાં આ કેસની સુનાવણી દરમિયાન જણાવાયું હતું કે 'ડીપ બરિયલ'ની પદ્ધતિ સામાન્ય સંજોગોમાં માન્ય નથી; તે માત્ર એવા ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં જ માન્ય છે જ્યાં કોમન બાયો-મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસિલિટી ન હોય. આ પદ્ધતિનો ઉપયોગ કરતા પહેલાં પણ ઓથોરિટીની પરવાનગી અનિવાર્ય છે. ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે, કચરો ઊંડે દાટવાની પદ્ધતિનો ઉપયોગ કરતી ૯,૧૭૮ હેલ્થકેર ફેસિલિટીઝમાંથી માત્ર ૫,૭૧૫ જ નિયમોનું પાલન કરે છે. જેમાં સૌથી વધુ ઉલ્લંઘન ભૂગર્ભ જળનું સ્તર ઉંડા ખાડાની છ મીટર નીચે રાખવાના નિયમનું થયું હતું. ૪૭૭ હેલ્થકેર ફેસિલિટીઝે આ નિયમનું ઉલ્લંઘન કર્યું હોવાનું ટ્રિબ્યુનલે નોંધ્યું હતું. આ ઉપરાંત ૩૪૧ હેલ્થકેર ફેસિલિટીઝ સત્તાધિકારીની પૂરતી મંજૂરી વગર જ કામ કરતી હોવાનું જણાયું હતું. ભંગ કરનારા ઉદ્યોગો માટે વીજળી-પાણી જેવી સેવાઓ બંધ કરાશે નિયમભંગ કરનારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને પોલ્યુશન કંટ્રોલ કમિટીઓને નોટિસ પાઠવવામાં આવી છે. જો આઠ અઠવાડિયામાં આનિયમોનું પાલન નહીં કરવામાં આવે, તો પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૫ હેઠળ કડક નિર્દેશો જારી કરવામાં આવશે. આ જોગવાઈ હેઠળ કેન્દ્ર સરકારને ઉદ્યોગોના કામકાજને નિયંત્રિત કરવા, બંધ કરવા અથવા વીજળી-પાણી જેવી આવશ્યક સેવાઓ રોકવા સહિતના આદેશો આપવાની કાનૂની સત્તા છે. આ મામલે **૨૮ ઓક્ટબરના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે.**

વોટ્સએપ પર આર.ટી.ઓ.ની નકલી APK ફાઈલ મોકલીને ઓનલાઈન છેતરપિંડી કરનાર ટોળકીના સભ્યને દમણ પોલીસે ઝારખંડથી ઝડપી પાડ્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૧

૨૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કોસ્ટલ પોલીસ સ્ટેશન, કડૈયામાં એક ફરીયાદ મળી હતી જેમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેના વોટ્સએપ નંબર પર એક અજાણ્યા મોબાઈલ નંબરથી આર.ટી.ઓ. ઈ-ચલણના નામથી એક APK ફાઈલ મોકલી છે. ફરીયાદીએ આ APK ફાઈલને પોતાના મોબાઈલ ફોનમાં ઈન્સ્ટોલ/ઓપન કર્યા બાદ તેનો મોબાઈલ ફોન હેક થઈ ગયો અને તેના બેંક ખાતામાંથી રકમ ઉપાડી લેવામાં આવી.

ફરીયાદીએ નોંધાવેલી ફરીયાદના આધારે કોસ્ટલ પોલીસ સ્ટેશન, કડૈયા-નાની દમણમાં ગુનો નંબર ૦૮/૨૦૨૬ નોંધીને ભારતીય ન્યાય સંહિતા(બી.એન.એસ.)ની કલમ ૩૧૮(૪), ૩૩૬(૩) અને ૩૪૦(૨) અંતર્ગત કેસ નોંધીને દમણ પોલીસે તપાસ શરૂ કરી હતી.

કેસની પ્રાથમિક તપાસ દરમિયાન ફરીયાદીના મોબાઈલ ઉપર APK ફાઈલનું ટેક્નિકલ વિશ્લેષણ કર્યું. વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત મહત્ત્વપૂર્ણ જાણકારીના આધારે સાયબર છેતરપિંડીની ઘટનામાં ઝારખંડના ગિરિડીહ જિલ્લાના નિવાસી મોહમ્મદ સગીર અંસારીની સંડોવણી સામે આવી. કેસની ગંભીરતાને જોતાં દમણ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના દિશા-નિર્દેશ મુજબ કોસ્ટલ પોલીસ સ્ટેશન કડૈયાના પ્રભારી દ્વારા એક વિશેષ પોલીસ ટીમનું ગઠન કર્યું હતું. પોલીસ ટીમને આરોપીની ધરપકડ માટે ઝારખંડ મોકલી આપી હતી.

પોલીસની ટીમે ઝારખંડ પહોંચીને સંબંધિ વિસ્તારમાં લગભગ ૪-૫ દિવસ સુધી લગાતાર રેકી અને ટેક્નિકલી તપાસ કરી. તે દરમિયાન આરોપીના ઘરે અને તેના કાર્યસ્થળની જાણકારી મેળવી હતી. ત્યારબાદ પોલીસની ટીમે વિવિધ સ્થળોએ કાર્યવાહી કરતા મુખ્ય આરોપી મોહમ્મદ સગીર અંસારીની ધરપકડ કરી.

પોલીસે આરોપીની ધરપકડ બાદ તેની પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ

કથિત રીતે પોતાનો ગુનો કબૂલતા જણાવ્યું હતું કે, તે લોકોને મોબાઈલ નંબર પર આર.ટી.ઓ. ઈ-ચલણના નામે નકલી APK ફાઈલ વોટ્સએપના માધ્યમથી મોકલતો હતો. જે વ્યક્તિ આ APK ફાઈલને તેના મોબાઈલ ફોનમાં ઈન્સ્ટોલ કરતી હતી તેના મોબાઈલ ફોન સુધી ગેરકાયદે પહોંચ મેળવીને તેના બેંક ખાતામાંથી રકમ સેરવી લેવામાં આવતી હતી.

સાયબર છેતરપિંડીનું મોટું નેટવર્ક

સુરતમાં ૫ લાખની ફરિયાદમાં ખુલ્યું ૧૨૫ કરોડનું APK ફ્રોડ નેટવર્ક

બિહારના પટના સુધી આરોપીઓનો ૨,૪૫૬ કિલોમીટર સુધી પીછો કરવામાં આવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૧૧

વોટ્સએપ મારફતે મોકલાતી બનાવટી APK ફાઈલના માધ્યમથી દેશભરમાં સાયબર છેતરપિંડીનું મોટું નેટવર્ક ચલાવતી ગેંગ સામે સુરત સાયબર ક્રાઈમે મેગા ઓપરેશન હાથ ધરી ચાર આરોપીઓને પટનાની હોટલમાંથી ઝડપી પાડ્યા છે. સુરતથી શરૂ થયેલી તપાસ ઝારખંડના જામતારા અને દેવઘર સુધી પહોંચી હતી અને ત્યારબાદ બિહારના પટના સુધી આરોપીઓનો ૨,૪૫૬ કિલોમીટર સુધી પીછો કરવામાં આવ્યો હતો.

સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ. ૫ લાખની છેતરપિંડીના કેસની તપાસ દરમિયાન આરોપીઓએ ફરિયાદીના મોબાઈલમાં પંજાબ નેશનલ બેંકની અસલ એપ્લિકેશન જેવી દેખાતી બનાવટી "PNB One APK" ઈન્સ્ટોલ કરાવી હોવાની વિગતો સામે આવી હતી. APK ઈન્સ્ટોલ થયા બાદ આરોપીઓએ મોબાઈલનો અનધિકૃત એક્સેસ મેળવી બેંકિંગ સંબંધિત માહિતીનો ઉપયોગ કરીને

- (વધુ પાના નં. ૨ પર)

પાન મસાલાના પેકેટ હવે બદલાશે

FSSAIના નવા નિયમો લાગુ, ચોક્કસ પ્લાસ્ટિક પેકેજિંગ પર પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૧

પાન મસાલા ખરીદનારા ગ્રાહકોને આગામી દિવસોમાં તેના પેકેટના સ્વરૂપમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણ પ્રાધિકરણ (FSSAI) દ્વારા પાન મસાલાના પેકેજિંગને લઈને નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. **આ નવા નિયમો ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬થી અમલમાં આવ્યા છે. નવા નિયમો હેઠળ પાન મસાલાના પેકેજિંગમાં ચોક્કસ પ્રકારના પ્લાસ્ટિક અને સિન્થેટિક સામગ્રીના ઉપયોગ પર પ્રતિબંધ** મૂકવામાં આવ્યો છે.

નવા નિયમો અનુસાર પાન મસાલાના પેકેજિંગ માટે પોલિએથિલીન, પોલિપ્રોપિલીન, પોલિએસ્ટર, PVC સહિતના સિન્થેટિક પોલિમર અને કો-પોલિમરનો ઉપયોગ કરી શકાશે નહીં. આ ઉપરાંત લેમિનેટ, એલ્યુમિનિયમ ફોઈલ અને મેટલાઈઝ્ડ લેયર ધરાવતા ચોક્કસ પ્રકારના પેકેજિંગ પર પણ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.

આ નિર્ણય બાદ પાન મસાલા ઉત્પાદક કંપનીઓએ પોતાની હાલની પેકેજિંગ સિસ્ટમમાં ફેરફાર કરવો પડી શકે છે. ખાસ કરીને નાના પાઉચ અને સેચેટમાં પેક થતા ઉત્પાદનો માટે

- (વધુ પાના નં. ૨ પર)

સુવિચાર - સદ્‌વિચાર

સમય બદલાય છે, પરંતુ મહેનતનું પરિણામ નથી બદલાતું,
મહેનત કરો મનથી, સફળતા ચોક્કસ મળશે.

કવિતા

ગુરુ, આવો પ્રેમે કરું પૂજા

ગુરુ, આવો પ્રેમે કરું પૂજા રે.
મારે તમથી રે, મારે તમથી અધિક દેવ નહિ દૂજા રે... ગુરુ૦

મેં તો પ્રેમે પુષ્પહાર ગૂંથ્યો રે, માંહે મન-મોગરો ખૂબ મૂક્યો રે,
તત્ત્વ તિલક રે, તત્ત્વ તિલક હું તો નથી ચૂક્યો રે... ગુરુ૦

ગુરુ ! ચૂક હમારી ક્ષમા કરો રે, હું તો ધ્યાન તમારું ધરી રહ્યો રે,
ગુરુજી, અખૂટ રે - ગુરુજી, અખૂટ ભંડાર મારા ભર્યા રે... ગુરુ૦

ગુરુ ચાર વેદની બોલ્યા વાણી રે, તેમાંથી અક્ષર લીધો જાણી રે,
ગુરુના મુખમાં રે - ગુરુના વચનમાં સુરતા સમાણી રે... ગુરુ૦

કહે ગણપતના શિષ્ય 'ગંગાદાસ' રે, મારે ગુરુચરણની છે આશ રે,
મને રાખો રે, મને રાખો ચરણની પાસ રે... ગુરુ૦

- ગંગાદાસ મહારાજ

આજની જોક

તારે તારી પત્ની સાથે મતભેદ થતા નથી?
થાય છે ને! ઘણી વાર તો મોટા મતભેદ થાય છે. પણ તે બધા ઉકલી જાય છે.
એ કેવી રીતે? મિત્રો આશ્ચર્યથી પૂછ્યું.
મારો મત હું ખાનગી રાખું છું - મારી પત્નીને જણાવતો નથી.

કબીર વાણી

સુમરન સિદ્ધિ યું કરો, જૈસે દામ કંગાળ;
કહે કબીર બિસરે નહિ, પલ પલ લેત સંભાળ.

-અર્થાત-

જેમ એક કંજુસ માણસ પૈસાને પુજે છે, અને તેને ઘડી પણ યાદ કર્યા વગર રહેતો નથી, તેમ ઈશ્વરનું સ્મરણ એવું કર કે તારા મનમાંથી ઈશ્વર એક પળ વાર પણ ભુલાય નહિ.

ચાણક્ય ઉવાચ

કાળઃ પચતિ ભૂતાનિ કાળઃ સંહરતે પ્રજાઃ।
કાળઃ સુપ્તેષુ જાગર્તિ કાળો હિ દુરીતિક્રમઃ॥

-અર્થાત-

સમય બધા પ્રાણીઓનો નાશ કરે છે, સમય જ પ્રજાને સંહારે છે. જ્યારે બધા સૂતા હોય છે ત્યારે પણ સમય જાગતો રહે છે. સમયને કોઈ જીતી શકતું નથી.

આજનો દિન વિશેષ

વિક્રમ સારાભાઈ

વિક્રમ અંબાલાલ સારાભાઈ (૧૨ ઓગસ્ટ ૧૯૧૯ - ૩૦ ડિસેમ્બર ૧૯૭૧) એક ભારતીય ભૌતિકશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી હતા જેમણે અવકાશ સંશોધન શરૂ કર્યું અને ભારતમાં પરમાણુ ઉર્જા વિકસાવવામાં મદદ કરી. ઘણીવાર તેમને ''ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા'' તરીકે ગણવામાં આવે છે, સારાભાઈને ૧૯૬૬માં પદ્મ ભૂષણ અને ૧૯૭૨માં પદ્મ વિભૂષણ (મરણોત્તર)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિક્રમ અને મૃણાલિની સારાભાઈ (૧૯૪૮). વિક્રમ સારાભાઈનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ના રોજ અમદાવાદ, ભારતના એક ગુજરાતી શ્વેતામ્બર શ્રીમાળી જૈન પરિવારમાં થયો હતો. તેમના પિતા અંબાલાલ સારાભાઈ હતા, જે ભારતીય સ્વતંત્રતા ચળવળ માટે પ્રતિબદ્ધ એક મુખ્ય ઉદ્યોગપતિ હતા.

૩૦ ડિસેમ્બર ૧૯૭૧ ના રોજ, સારાભાઈ એ જ રાત્રે મુંબઈ જતા પહેલા SLV ડિઝાઇનની સમીક્ષા કરવાના હતા. તેમણે એ.પી.જે. અબ્દુલ કલામ સાથે ટેલિફોન પર વાત કરી હતી. વાતચીતના એક કલાકમાં જ, સારાભાઈને પર વર્ષની ઉંમરે ત્રિવેન્દ્રમમાં જીવલેણ હૃદયરોગનો હુમલો આવ્યો. તેમના પાર્થિવ શરીરનો અમદાવાદમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

બ્યુટી ટીપ્સ : પર્સ

હાઇડ્રેટિંગ લિપ બામ, બ્લોટિંગ પેપર્સ અને મિની હેન્ડ સેનિટાઇઝર જેવી મુખ્ય પર્સ આવશ્યક વસ્તુઓ પેક કરીને તમારા રોજિંદા સૌંદર્ય દિનચર્યાને સરળ રાખો. તમારા મોટા બેગને છલકાતા અને ગડબડથી બચાવવા માટે કોમ્પેક્ટ પાઉચનો ઉપયોગ કરીને આ નાની વસ્તુઓને સરસ રીતે ગોઠવો. તમારા પર્સ માટે આવશ્યક સૌંદર્ય વસ્તુઓ હોઠની સંભાળ સૂકા હોઠને તાત્કાલિક પુનર્જીવિત કરવા માટે ટિન્ટેડ લિપ બામ અથવા પેટ્રોલિયમ જેલી.ઝડપી કવરેજ મધ્યાહ્ન ચમક નિયંત્રણ માટે એક વિશ્વસનીય કન્સિલર સ્ટીક અને પ્રેસ્ડ પાવડર કોમ્પેક્ટ.

તાજગી શ્વાસના ટુકડા, ભીના વાઇપ્સ અને ખિસ્સાના કદના હેન્ડ સેનિટાઇઝર. હેર ફિક્સર બે બોબી પિન અને સ્લેગ-ફ્રી હેર ટાઇ. સ્માર્ટ પર્સ ઓર્ગેનાઇઝેશન ટિપ્સબહુવિધ કદના પાઉચનો ઉપયોગ કરો. છૂટક વસ્તુઓને નાની જાળી અથવા ફેબ્રિક બેગમાં જૂથ બનાવો જેથી તમે તરત જ વસ્તુઓ શોધી શકો. સ્પિલ-પ્રૂફ પેકેજિંગ પસંદ કરોઃ નાજુક કાચની ડ્રોપર બોટલોને બદલે સોલિડ પરફ્યુમ અથવા ટ્વિસ્ટ-અપ સ્ટીક પસંદ કરો.

સામાહિક સાફ કરો જૂની રસીદો, કેન્ડી રેપર્સ અને સમાપ્ત થયેલા નમૂનાઓ ફેંકવા માટે દર સપ્તાહના અંતે તમારી મીની કોસ્મેટિક બેગ ખાલી કરો. તમારા પર્સ માટે તમે એક સરળ DIY મેકઅપ પાઉચ કેવી રીતે સીવી શકો છો તે જોવા માટે આ ઝડપી પાંચ-મિનિટનું ટ્યુટોરીયલ જુઓ.

દીવમાં બ્રહ્માકુમારીઝ દ્વારા નશામુક્ત ભારત અભિયાનનું ઉદ્‌ઘાટન

ભારત સરકારના નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત ૧૦ કરોડ નશા મુક્તિ અભિયાન શુભારંભ રજી ઓગસ્ટ રવિવારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું, આ મહા અભિયાન ૬ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સમગ્ર દેશમાં યોજાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૧

સમગ્ર ભારતમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહા અભિયાનનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શુભારંભ થયો. નશામુક્ત સ્વસ્થ અને વિકસિત ભારતના નિર્માણ માટે જન આંદોલન પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરી વિશ્વવિદ્યાલય દ્વારા ભારત સરકારના નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત ૧૦ કરોડ નશા મુક્તિ અભિયાન શુભારંભ ૨જી ઓગસ્ટ રવિવારે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મહા અભિયાન ૬ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સમગ્ર દેશમાં યોજાશે ઉપરોક્ત માહિતી આપતા અમદાવાદ મણીનગરના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી નેહાબને જણાવ્યું હતું કે, અભિયાન બ્રહ્માકુમારીઝના પૂર્વ મુખ્ય પ્રશાસિકા પરમ આદરણીય રાજયોગીની દાદી પ્રકાશ મણીજીના ૧૯મી પુણ્યતિથિને સમર્પિત છે. અભિયાનનો મુખ્ય હેતુ દેશના ૧૦ કરોડથી વધુ નાગરિકોને નશામુક્તિનો સંકલ્પ આપાવવો, જનજાગૃતિ ફેલાવવી, રાજયોગના અભિયાન દ્વારા સકારાત્મક જીવન શૈલી આપનાવવી તથા નશામુક્ત, સ્વસ્થ અને વિકસિત ભારતના નિર્માણમાં જન ભાગીદારી વધારવી.

આ અવસરે મુખ્ય વક્તા બ્રહ્માકુમારી નેહાબેન-અમદાવાદ, મુખ્ય અતિથિ જિલ્લા પંચાયત પ્રમુખ રણજીતાબેન, નશામુક્ત ભારત અભિયાનના નોડલ ઓફિસર મૈત્રીબેન, પરેશભાઈ તથા આનંદભાઈ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન સૌ નાગરિકોને નશાથી દૂર રહેવા, પોતાના પરિવારને નશામુક્ત બનાવવા, મિત્રો અને સમાજને પણ નશા મુક્તિ માટે પ્રેરિત કરવા તથા ઓછામાં ઓછા ૫૦ લોકાને નશા મુક્તિ પ્રતિજ્ઞા સાથે જોડવા માટે અપીલ કરવામાં આવી.

અભિયાન અંતર્ગત શાળાઓ, કોલેજો, સરકારી કચેરીઓ, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયતો અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં નશા મુક્તિ જાગૃતિના કાર્યક્રમો તારીખ ૧૧થી ૨૦ દરમિયાન દીવ બ્રહ્માકુમારી દ્વારા યોજવામાં આવશે.રાજયોગ ધ્યાન સત્ર, પ્રેરણાત્મક વ્યાખ્યાન અને પ્રતિજ્ઞા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે નાગરિકો ક્યુઆર કોડ સ્કેન કરીને અથવા whatsapp નંબર પર પણ નશા મુક્તિ પ્રતિજ્ઞામાં જોડાઈ શકે છે. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી નંદાબેને બધાને પ્રતિજ્ઞા કરાવી, ગીતાબેને દરેકનું સ્વાગત અભિવાદન કર્યું અને બ્રહ્માકુમારી પરિવાર પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સહયોગ આપ્યો. સંપૂર્ણ દેશના દરેક નાગરિકને આ ઐતિહાસિક અભિયાનમાં જોડાઈને નશામુક્ત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત

દીવ ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાન થતા શહીદોને પુષ્પાજંલિ કાર્યક્રમ આયોજિત થયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૧

દીવમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને લઈને કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજે સવારે ખુખરી મેમોરિયલ, ચક્રતીર્થ બીચ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

દીવ જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ લખમણની અધ્યક્ષતામાં યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં ભાજપના હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.આ દરમિયાન ચક્રતીર્થ બીચ પર પ્લાસ્ટિક, કાચ સહિતનો કચરો એકત્ર કરીને બીચની સફાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ ખુખરી મેમોરિયલ યુદ્ધ જહાજની આસપાસના વિસ્તારની પણ સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન બાદ ખુખરી યુદ્ધ જહાજમાં દેશ માટે શહીદ થયેલા વીર જવાનોને પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાથે સ્વચ્છતા અને દેશભક્તિનો સંદેશ આપતા આ કાર્યક્રમમાં ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આઈ.ટી.આઈ.જલાલ પોર ખાતે ચોથા તબક્કામાં પ્રવેશ શરૂ

તા.૧૪ ઓગસ્ટ સુધીમાં ઓફલાઈન ફોર્મ ભરી શકાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૧૧

ઓગસ્ટ-૨૦૨૬ના પ્રવેશ સત્રમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) જલાલપોર ખાતે પ્રથમ, બીજા અને ત્રીજા રાઉન્ડ બાદ ચોથા રાઉન્ડમાં વહેલા તે પહેલા ધોરણે પ્રવેશ માટે વિવિધ ટ્રેડમાં કુલ ૧૪૩ જેટલી બેઠકો ખાલી રહેવા પામી છે.

ખાલી રહેલી બેઠકોમાં ફીટર-૧૧, વાયરમેન-૧૦, ઈલેક્ટ્રીશિયન-૨૮, કોમ્પ્યુટર ઓપરેટર-૪૧, વેલ્ડર-૨૯ અને ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક-૨૪ બેઠકોનો સમાવેશ થાય છે.

આ ખાલી બેઠકો માટે ચોથા અને આખરી તબક્કામાં ઓફલાઈન ફોર્મ સંસ્થા ખાતે તા.૧૪/૦૮/૨૦૨૬ સુધી ભરી શકાશે. પ્રથમ, બીજા અને ત્રીજા તબક્કામાં ફોર્મ ભરેલ પરંતુ પ્રવેશથી વંચિત રહેલ તમામ ઉમેદવારોએ તા.૧૪/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જલાલપોર, ખંભલાવ, રાણીયા ફળીયા, આટ ખાતે એડમિશન માટે હાજર રહેવા જણાવવામાં આવે છે.

આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટજો આ છેલ્લો તબક્કો હોવાથી ઇચ્છુક ઉમેદવારોએ સત્વરે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જલાલપોરનો સંપર્ક કરી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

ગણદેવી તાલુકાના ૯ ગામોમાં ૧૨૦૦ જેટલા પશુઓ માટે સુધા ઘાસચારા તથા વિટામિન્સ પાઉડરનું વિતરણ કરાયું



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૧૧

ગણદેવી તાલુકાના પશુપાલકોને સહાયરૂપ થવાના હેતુથી શ્રી આદિજિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ તથા આકાશ ફાર્માસ્યુટીકલ, કામરેજ દ્વારા સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત ગણદેવી તાલુકાના ૯ જેટલા ગામોમાં આશરે ૧૨૦૦ જેટલા પશુઓ માટે સુધા ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આકાશ ફાર્માસ્યુટીકલ, કામરેજ તરફથી પશુદીઠ ૧ કિલો મિનરલ મિશ્ચર તથા વિટામિન્સ પાવડરના પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પોષણયુક્ત સામગ્રી પશુઓના સ્વાસ્થ્ય અને પોષણની જાળવણીમાં ઉપયોગી બની રહે તે હેતુથી આપવામાં આવી હતી.

સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલી આ સહાય સામગ્રીનું વિતરણ સંબંધિત ગામોના સરપંચશ્રીઓ મારફત કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિથી ગણદેવી તાલુકાના વિવિધ ગામોના પશુપાલકોને સહાય મળી હતી.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899 /
સુરેશ ઉમતિયા - 98259 89444

(પહેલાં પાનાનું ચાલુ)

બોગસ વકીલો સામે...

તેમણે નકલી વકીલો સામે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

સુનાવણી દરમિયાન અરજીકર્તા વકીલ રાજા ચૌધરીએ દલીલ કરી હતી કે વકીલાતના વ્યવસાયનો કેટલાક લોકો દ્વારા દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. એવા લોકો પણ વકીલ બનીને ફરતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જેઓ વાસ્તવમાં કાયદેસર રીતે વકીલ નથી અને લોકો પાસેથી ગેરકાયદે રીતે નાણાં વસૂલે છે.

કોર્ટમાં ૧૦૫ વકીલો સાથે જોડાયેલા મામલાનો પણ ઉલ્લેખ થયો હતો. બીજી તરફ અરજીકર્તાએ દાવો કર્યો હતો કે માત્ર અલ્હાબાદ બારમાં જ ૧૦૦૦થી વધુ નકલી વકીલો હોઈ શકે છે. અન્ય રાજ્યોમાં પણ આવી જ સ્થિતિ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

ઉત્તર પ્રદેશમાં આ મુદ્દે પોલીસ કાર્યવાહી પણ શરૂ થઈ છે. અલ્હાબાદ હાઈકોર્ટની ટિપ્પણીઓ બાદ બોગસ વકીલો સામે કાર્યવાહી તેજ કરવામાં આવી છે. બાર કાઉન્સિલની ભલામણના આધારે ૬૮ વકીલો સામે FIR નોંધાઈ હોવાનું જણાવાયું છે. યુપી પોલીસ દ્વારા વધુ કેસ નોંધવાની પ્રક્રિયા ચાલી રહી છે.

કાયદા મંત્રાલયે ઓગસ્ટ ૨૦૨૩માં રાજ્યસભામાં આપેલી માહિતી મુજબ ભારતમાં આશરે ૨૦ લાખ રજિસ્ટર્ડ વકીલો છે અને દર વર્ષે લગભગ ૮૦ હજાર નવા વકીલો નોંધાય છે. વકીલાત માટે કાયદાની ડિગ્રી અને બાર કાઉન્સિલની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. હવે સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રના જવાબ બાદ બોગસ વકીલો સામે દેશવ્યાપી કાર્યવાહી અંગે આગળની દિશા સ્પષ્ટ થઈ શકે છે.

(પહેલાં પાનાનું ચાલુ)

FSSAIના નવા નિયમો ...

નવી પેકેજિંગ સામગ્રી વિકસાવવી કંપનીઓ માટે મોટો પડકાર બની શકે છે.

નવા નિયમો હેઠળ પાન મસાલાના પેકેજિંગ માટે કાગળ, પેપર બોર્ડ, સેલ્યુલોઝ અને કુદરતી સ્ત્રોતોમાંથી મેળવેલી અન્ય યોગ્ય સામગ્રીનો ઉપયોગ કરી શકાશે. આ ઉપરાંત ટિન અને કાચના કન્ટેનરમાં પણ પાન મસાલાનું પેકિંગ કરવાની મંજૂરી છે.કંપનીઓએ નવી પેકેજિંગ સામગ્રી માટે કાચા માલની વ્યવસ્થા કરવાની સાથે પેકેજિંગ મશીનરી અને ઉત્પાદન પ્રક્રિયામાં પણ જરૂરી ફેરફાર કરવા પડી શકે છે. આના કારણે ઉત્પાદન ખર્ચ વધવાની શક્યતા છે. જો વૈકલ્પિક પેકેજિંગ સામગ્રી મોંઘી પડે તો તેનો કેટલોક બોજ અંતે ગ્રાહકો પર પણ પડી શકે છે. પ્લાસ્ટિક આધારિત પેકેજિંગની જગ્યાએ કાગળ, ટિન અથવા કાચનો ઉપયોગ કરવાથી ઉત્પાદનની શેલ્ફ લાઈફ, ભેજથી સુરક્ષા અને પરિવહન દરમિયાન ગુણવત્તા જાળવવા જેવા પડકારો ઊભા થઈ શકે છે. ખાસ કરીને પાન મસાલાના નાના પેકેટ માટે નવી સામગ્રી કેટલી વ્યવહારુ સાબિત થાય છે તે મહત્વનું રહેશે. જથ્થાબંધ વેપારીઓ અને દુકાનદારોને પણ નવા પેકેજિંગના સંગ્રહ માટે પોતાની વ્યવસ્થામાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે.નવા નિયમોનો મુખ્ય ઉદ્દેશ પેકેજિંગમાં ઉપયોગ થતી ચોક્કસ સામગ્રીને નિયંત્રિત કરવાનો છે. હવે પાન મસાલા કંપનીઓએ નવા ધોરણો અનુસાર પોતાના ઉત્પાદનોનું પેકેજિંગ તૈયાર કરવું પડશે.

(પહેલાં પાનાનું ચાલુ)

સુરતમાં ૫ લાખની...

ખાતામાંથી રકમ ટ્રાન્સફર કરી હતી

ટેકનિકલ તપાસ દરમિયાન પોલીસને આ કોઈ એકલદોકલ છેતરપિંડી નહીં પરંતુ સુવ્યવસ્થિત સાયબર નેટવર્ક હોવાનું જાણવા મળ્યું. તપાસમાં ૩૩૬ અલગ-અલગ બોગસ APK ફાઇલ મળી આવી હતી. આ ફાઇલો આશરે ૩૧,૧૭૪ મોબાઇલ ડિવાઇસમાં ઇન્સ્ટોલ થઈ હોવાનું સામે આવ્યું છે, જેમાંથી ૫,૬૧૩ મોબાઇલનો એક્સેસ મેળવી કુલ ૧,૦૬,૬૪૩ ડેબિટ ટ્રાન્ઝેક્શન મારફતે આશરે રૂ. ૧૨૫.૩૯ કરોડની છેતરપિંડી થઈ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.આ નેટવર્કમાં જહરૂલ અંસારી ઉર્ફે ચાંદ મહત્વની કડી હોવાનું સામે આવ્યું છે.

પોલીસ મુજબ ચાંદે અગાઉના ડેવલપર પાસેથી સોર્સ કોડ સાથે આશરે ૧,૨૪૮ APK ફાઇલ ખરીદી હતી અને તેને જામતારા તથા આસપાસના વિસ્તારોમાં સાયબર ગેંગના સભ્યોને વેચી હતી. સુરતના કેસમાં ઉપયોગમાં લેવાયેલી PNB One APK પણ તેના મારફતે ગેંગ સુધી પહોંચી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસે ચાંદ ઉપરાંત રાજનકુમાર, આદિત્યરાજ ઉર્ફે અમન અને સમીર ઉર્ફે શક્તિમાનની પણ ધરપકડ કરી છે. રાજનકુમાર અને આદિત્યરાજ બંને ૧૯ વર્ષના હોવાનું પોલીસે જણાવ્યું છે. સમીર APKના ટેકનિકલ સપ્લાયર અને ડિસ્ટ્રિબ્યુશન પાર્ટનર તરીકે કામ કરતો હોવાની વિગતો સામે આવી છે. ગેંગ દ્વારા બે પ્રકારની એપ્લિકેશનનો ઉપયોગ થતો હતો - એક ભોગ બનનારના મોબાઇલમાં ઇન્સ્ટોલ કરાવવા માટે અને બીજી હેક થયેલા મોબાઇલનો એક્સેસ મેળવવા માટે.

આરોપીઓ બેંક, RTO ચલણ, KYC, સરકારી યોજનાઓ, કસ્ટમર સપોર્ટ અને હોસ્પિટલ સહિતની જાણીતી સેવાઓના નામે બનાવટી એપ્લિકેશન તૈયાર કરતા હતા. APK ઇન્સ્ટોલ થયા બાદ મોબાઇલમાં રહેલી સંવેદનશીલ માહિતી સુધી પહોંચ મેળવવાનો પ્રયાસ કરવામાં આવતો હતો અને ત્યારબાદ બેંકિંગ વિગતોનો ઉપયોગ કરીને નાણાં વિવિધ મ્યુલ ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા.

આ કેસમાં અગાઉ કાસગંજના ૧૮ વર્ષીય ડેવલપર રોહિતની પણ ધરપકડ થઈ ચૂકી છે. તેની પાસેથી ૧૨૧ APK મળી હતી, જેના મારફતે આશરે રૂ. ૬૪.૩૮ કરોડનું ફ્રોડ થયું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

પટનાની હોટલમાંથી ઝડપાયેલા આરોપીઓ પાસેથી છ મોબાઇલ ફોન અને એક લેપટોપ કબજે કરવામાં આવ્યા છે. ઉપકરણોના ફોરેન્સિક વિશ્લેષણથી વધુ આરોપીઓ અને નાણાકીય કડીઓ બહાર આવવાની શક્યતા છે.

સુરત સાયબર ક્રાઇમે લોકોને અજાણી APK ફાઇલ ઇન્સ્ટોલ ન કરવા, એપ માત્ર સત્તાવાર સ્ટોર પરથી જ ડાઉનલોડ કરવા અને OTP, UPI PIN કે બેંકિંગ વિગતો કોઈ સાથે શેર ન કરવાની અપીલ કરી છે. સાયબર છેતરપિંડી થાય તો તાત્કાલિક ૧૯૩૦ પર સંપર્ક કરવાની સલાહ પણ આપવામાં આવી છે.

કપરાડા તાલુકામાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ યોજાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૧

સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત, સમગ્ર શિક્ષા વલસાડ અનુદાનિત અને માર્ગદર્શિત કપરાડા બ્લોકમાં સરકારી અને અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા બાલવાટિકાથી ધોરણ ૧૨ સુધીના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં દિવ્યાંગ વિદ્યાર્થીઓનું ALIMCO સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન શિક્ષક સદન, કપરાડા ખાતે કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કુલ ૯૬ વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આગામી દિવસોમાં યોજનાર સાધન સહાય કેમ્પમાં આ તમામ બાળકોને સરકારશ્રી દ્વારા સાધન સહાય આપવામાં આવશે. આ કેમ્પમાં કપરાડા બી.આર.સી. કો.ઓ. શ્રી સંજયભાઈ અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મનોજભાઈ દ્વારા બાળકો અને વાલીશ્રીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉપરાંત આ પ્રસંગે કપરાડા બી.આર.સી.કો.શ્રીનાં સૂચનથી શ્રી સ્નેહલભાઈ પટેલ-કુસુમ ફાઉન્ડેશનનાં દ્વારા તમામ બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી. જે બદલ દાતાશ્રીનો આભાર માનવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.આર.સી. કો.ઓ.શ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ સ્પેશિયલ એજ્યુકેટરશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું

નવસારી ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ અને સરકારી યોજનાઓના સેચ્યુરેશન માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૧૧

નવસારી ગ્રામ્ય વિસ્તારના આસુંદર, પ્રાથમિક શાળા, ખાતે સેવા સેતુ અને Government Scheme Saturation અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી નયનભાઈ પટેલ સહિત સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ અંગે અગાઉથી વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હોવાથી મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સરકારી યોજનાઓના લાભથી કોઈ પાત્ર લાભાર્થી વંચિત ન રહે અને તમામ પાત્ર લાભાર્થીઓ સુધી યોજનાઓનો મહત્તમ લાભ પહોંચે તે માટે નાગરિકોને યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વિવિધ યોજનાઓમાં સેચ્યુરેશન લેવલ હાંસલ કરવા માટે જનજાગૃતિ અને જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, આગામી તા.૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પિનસાડ ગામે દામોદેશ્વર કોમ્યુનીટી હોલ ખાતે તથા તા.૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કોળી પટેલ સમાજની વાડી, ખડસુપા બોર્ડિંગ, અષ્ટગામ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની ADIP યોજના તથા રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત લાભાર્થીઓને આવકના દાખલા મેળવવામાં સરળતા રહે તે માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે

આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં પાત્ર લાભાર્થીઓ ઉપસ્થિત રહી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે તંત્ર દ્વારા વ્યાપક પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિ હાથ ધરવામાં આવી રહી છે.

વલસાડની કોમર્સ કોલેજમાં વર્ષાગીત સ્પર્ધા યોજાઈ: ૧૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૧

વલસાડના નૂતન કેળવણી મંડળ સંચાલિત શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજમાં સમ્રધારા અને સાંસ્કૃતિક સમિતિનાં સંયુક્ત ઉપક્રમે એક વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૬ વિદ્યાર્થી ઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં કુ.તનીષા પટેલ પ્રથમ ક્રમે, કુ.ભૂમિકા બેરા અને કુ.વિકલ સોલંકી દ્વિતીય ક્રમે તથા કુ. સૃષ્ટી ઠાકોર અને કુ. અંજલી રાઠોડ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા તેમજ કુ.ભૂમિ થોરાતે આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા શ્રીમતી અલ્કા ડી.વિસપુતે અને પ્રો. વિન્સી વી.પરમાર કે જેઓ બંને સંગીત વિશારદ છે તેઓએ નિષ્પક્ષપણે નિર્ણય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ સ્પર્ધામાં કોલેજના સિનિયર અધ્યાપકશ્રી કે.સી. પટેલે આશીર્વચનો આપીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ.દક્ષાબેન ઠાકોર દ્વારા એક સુંદર મધુર કર્ણપ્રિય અવાજે વર્ષાગીત રજૂ કરીને સુંદર એવા માહોલને સજર્યું હતું. આ કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા સાંસ્કૃતિક તેમજ સમ્રધારા અધ્યક્ષ ડૉ. દક્ષાબેન જી. ઠાકોર, સહ અધ્યક્ષ ડૉ.મિનાક્ષી જરીવાલા, સભ્ય પ્રા.પ્રિયા ગાંધી દ્વારા ગોઠવાઈ હતી.

આ સ્પર્ધાનું સંચાલન પ્રો.પ્રિયા ગાંધીએ કર્યું હતું. આ સ્પર્ધા અંગેની પ્રેરણા કોલેજના ઈન્ચાર્જે આચાર્ય પ્રા.વિજયકુમાર આર. ચાંપાનેરીએ પૂરી પાડી હતી. કોલેજના તમામ સ્ટાફના સભ્યોએ સ્પર્ધા અંગે શુભકામનાઓ પાઠવી હતી.

વાપીમાં અગરવાલ મહિલા સમિતિ દ્વારા 'સિંધારા સ્પેશિયલ- શૃંગાર એક્ઝિબિશન ૨૦૨૬' યોજાશે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

અગરવાલ મહિલા સમિતિ દ્વારા આગામી ૧૩ ઓગસ્ટના રોજ વાપી ખાતે પવિત્ર શ્રાવણ માસ અને સિંધારાના તહેવાર નિમિત્તે 'સિંધારા સ્પેશિયલ - શૃંગાર એક્ઝિબિશન ૨૦૨૬'નું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. આ અનોખું પ્રદર્શન વાપીના ગુંજન વિસ્તારમાં આવેલા ફોર્ચ્યુન ગેલેક્સીના ડેફોડિલ હોલ ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યાથી શરૂ થશે.

આ એક્ઝિબિશનમાં મહિલાઓ માટે ફેશનવેર, ટ્રેન્ડી જ્વેલરી, બ્યુટી પ્રોડક્ટ્સ, આકર્ષક હોમ ડેકોર અને ચટાકેદાર ફૂડ સ્ટોલ્સનું વિશેષ આયોજન કરાયું છે. તહેવારની રજૂઆતને વધુ ખાસ બનાવવા માટે આવનાર તમામ બહેનો માટે ફ્રી નેલ આર્ટ, ફ્રી મહેંદી અને રોમાંચક લકી ડ્રો જેવી વિશેષ સુવિધાઓ પણ ઉપલબ્ધ રાખવામાં આવી છે.

સખીઓ અને પરિવારો સાથે મળીને તહેવારની ખુશીઓ વહેંચવા તેમજ શોપિંગનો આનંદ માણવા માટે આ એક શ્રેષ્ઠ અવસર બનશે. અગરવાલ મહિલા સમિતિ દ્વારા વાપી તથા આસપાસના વિસ્તારની તમામ મહિલાઓને આ શ્રૃંગાર ઉત્સવમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઉમરગામના 'સોસિયો ક્લીનર' ગ્રુપની યુવા બ્રિગેડે જગાવી સ્વચ્છતાની અલખ

■ કોરોનાકાળમાં બે યુવાનોના વિચારથી શરૂ થયેલું અભિયાન આજે ૩૫થી ૪૦ યુવાનોની ટીમ દ્વારા ગામે ગામ પહોંચ્યું ■ દર રવિવારે હાથમાં ઝાડુ લઈ નારગોલ બીચ સહિત ગામ-વિસ્તારોની સફાઈ કરી યુવાનો આપી રહ્યા છે સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીનો સંદેશ ■ 'રિયુઝ, રિડ્યુઝ અને રિસાયકલ'ના 3R મંત્ર સાથે પ્લાસ્ટિક રિસાયક્લિંગ પ્લાન્ટનું સ્વપ્ન સાકાર કરવા પ્રયાસરત યુવા શક્તિ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

વલસાડ, તા.૧૧: દર વર્ષે તા.૧૨ ઓગસ્ટે ઉજવાતો આંતરરાષ્ટ્રીય યુવા દિવસ માત્ર યુવાનોની શક્તિ અને ક્ષમતાની ઉજવણી કરવાનો દિવસ નથી, પરંતુ યુવાનોની સર્જનાત્મક વિચારશક્તિ, સામાજિક જવાબદારી અને સમાજમાં પરિવર્તન લાવવાની ક્ષમતાને ઉજાગર કરવાનો અવસર પણ છે. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભાઠી કરમબેલી અને દહાડ ગામના યુવાનોનું 'સોસિયો ક્લીનર' ગ્રુપ આ વાતને સાચા અર્થમાં સાર્થક કરી રહ્યું છે.

વર્ષ ૨૦૨૦માં કોરોના મહામારીનો સમય હતો. લોકો પોતાના ઘરોમાં રહેવા મજબૂર હતા. આ દરમિયાન ઉમરગામના ભાઠી કરમબેલી ગામના સિવિલ એન્જિનિયર નિખિલ દેવુભાઈ ધોડિયા અને તેમના શિક્ષક મિત્ર પ્રણિત પદ્માકર સુકુમના મનમાં એક વિચાર આવ્યો કે, 'આપણા આસપાસનો વિસ્તાર અને ગામ સ્વચ્છ રાખવા માટે આપણે પોતે જ પહેલ કેમ ન કરીએ?' પર્યાવરણની જાળવણી અને રક્ષણ માટે અત્યારથી જ પ્રયાસ નહીં કરીએ તો ભવિષ્યમાં માનવ અસ્તિત્વ સામે પણ પ્રશ્નો ઊભા થઈ શકે છે. 'આપણે પર્યાવરણને સાચવીશું તો પર્યાવરણ આપણને સાચવશે'– આ વિચાર સાથે બંને યુવાનોએ પોતાના ફળિયાની સફાઈથી સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી હતી.

શરૂઆતમાં બે યુવાનો હતા, પરંતુ સારા વિચારને સાથ મળતો ગયો અને ધીમે ધીમે કારવાં બનતા ગયા. આજે આ અભિયાનમાં ૫ વર્ષના બાળકથી લઈને ૩૦ વર્ષ સુધીના યુવાનો જોડાઈ રહ્યા છે. લગભગ ૩૫ થી ૪૦ જેટલા યુવાનોની આ યંગ બ્રિગેડ દર રવિવારે હાથમાં ઝાડુ, સફાઈના સાધનો અને સ્વચ્છતાનો સંકલ્પ લઈને પોતાના વિસ્તારને સ્વચ્છ બનાવવા નીકળી પડે છે. રજાના દિવસે મોટાભાગના યુવાનો ક્રિકેટ રમવામાં કે મોબાઈલ-ટીવી જોઈને આરામ કરવામાં વ્યસ્ત રહે છે. ત્યારે 'સોસિયો ક્લીનર' ગ્રુપના યુવાનો દર રવિવારે એકથી બે કલાક પોતાના વિસ્તાર અને જાહેર સ્થળોની સફાઈ માટે ફાળવે છે.

આમ, કોરોનાકાળમાં બે યુવાનોના મનમાં આવેલા એક નાનકડા વિચારે આજે સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીનું મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. યુવાનોની આ સેવાકીય પ્રવૃત્તિને જિલ્લા કલેક્ટર શ્રી નિતિન સાંગવાન દ્વારા પણ બિરદાવવામાં આવી છે અને પ્રોત્સાહિત કરવામાં આવી છે.

રવિવાર એટલે સફાઈનો દિવસ: યુવાનોની અનોખી પહેલ: આ અનોખી પહેલનો પ્રારંભ કેવી રીતે થયો તે અંગે ગ્રુપના ફાઉન્ડર નીખિલ ધોડીયા જણાવે છે કે, શરૂઆતમાં ભાઠી કરમબેલી અને દહાડ ગામમાં લોકોને ગમે ત્યાં કચરો ન નાંખવા માટે સમજાવવામાં આવ્યા હતા.

ખાસ લેખ

- જિજ્ઞેશ સોલંકી

જનજાગૃતિ માટે યુવાનો દ્વારા યુટ્યુબ પર વીડિયો બનાવીને લોકો સુધી સંદેશ પહોંચાડવામાં આવ્યો. શરૂઆતમાં લોકોનો પણ એક પ્રશ્ન હતો કે, 'કચરો ક્યાં નાખવો? કચરાના નિકાલની વ્યવસ્થા તો નથી.' જેથી આ સમસ્યાનો ઉકેલ લાવવા યુવાનોએ ઘરે ઘરે મોટી થેલીઓનું વિતરણ કર્યું અને રવિવારે ઘરમાંથી કચરો એકત્ર કરવાની જવાબદારી પણ ઉઠાવી. આ નાનકડી પહેલથી લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધવા લાગી. લોકો પણ સ્વચ્છતા અભિયાન સાથે જોડાતા ગયા અને યુવાનોની મહેનતને સાથ મળતો ગયો.

ગામથી નારગોલ બીચ સુધી પહોંચી સ્વચ્છતાની સુવાસ : ભાઠી કરમબેલી અને દહાડ ગામ બાદ આ યંગ બ્રિગેડ ટીમ દહેરી અને સોળસુંબા ગામમાં સ્વચ્છતાની અલગ જગાવી પ્રવાસન સ્થળ નારગોલ બીચ પર પહોંચી હતી. નારગોલ બીચ પર ગંદકી જોવા મળતાં 'સોસિયો ક્લીનર' ગ્રુપે આ પ્રવાસન સ્થળને સ્વચ્છ અને સુંદર બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું. આજે પણ દર રવિવારે યુવાનો નિયમિત રીતે એકથી બે કલાક નારગોલ બીચની સફાઈ કરે છે. બીચ પર પ્લાસ્ટિકની થેલીઓ, બોટલો અને અન્ય કચરો એકત્ર કરી સ્વચ્છતા જાળવવા માટે પ્રયાસ કરવામાં આવે છે. સાથે જ મુલાકાતીઓને પણ કચરો ન ફેલાવવા માટે સમજાવવામાં આવે છે.

મુંબઈની મીઠી નદીની સફાઈનો વીડિયો જોઈ નારગોલ બીચની પ્રેરણા મળી: આ કામગીરીની પ્રેરણા અંગે નિખિલ ધોડિયા જણાવે છે કે, મુંબઈમાં મલ્હાર કાબલેના યુવા ગ્રુપ દ્વારા મીઠી નદીના કાંઠે હાથ ધરાયેલા સફાઈ અભિયાનના વીડિયો તેમણે જોયા હતા. આ કામગીરીથી પ્રેરાઈને નારગોલ બીચને પણ સ્વચ્છ અને સુંદર બનાવવાનું સમપનું જોયું હતું. આ યુવાનાની સેવાકીય પ્રવૃત્તિની જાણ લોકો સુધી પહોંચતા તેમને સફાઈના સાધનો સહિતની મદદ પણ મળવા લાગી. 'બેસ્ટ ફ્રોમ વેસ્ટ'ની પહેલ અંતર્ગત તેલના આશરે ૫૦ ડબ્બા એકત્ર કરી તેમાંથી ડસ્ટબિન તૈયાર કરવામાં આવ્યા અને નારગોલ બીચ પર ઝાડ સાથે બાંધી મૂકવામાં આવ્યા. હવે બીચ પર આવતા લોકો પણ આ ડસ્ટબિનનો ઉપયોગ કરતા થયા છે.

'3R' ના મંત્રથી પ્લાસ્ટિક મુક્ત ભવિષ્યનું સ્વપ્ન: પ્લાસ્ટિકના વધતા ઉપયોગથી પર્યાવરણને થઈ રહેલા નુકસાન અંગે 'સોસિયો ક્લીનર' ગ્રુપ લોકોને સતત જાગૃત કરી રહ્યું છે. ગ્રુપના સ્થાપક નિખિલ ધોડિયા અને પ્રણિત સુકુમ લોકોને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના '3R'–Reduce, Reuse અને Recycle એટલે કે કચરાનો ઉપયોગ ઘટાડવો, વસ્તુઓનો પુનઃઉપયોગ કરવો અને કચરાનું પુનઃપ્રક્રિયા કરવા અપીલ કરે છે. તેમનું માનવું છે કે, જો દરેક વ્યક્તિ પોતાના જીવનમાં આ ત્રણ 'R'ને અપનાવે તો કચરાનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય અને પર્યાવરણનું રક્ષણ કરી શકાય.

રિસાયકિંલગ પ્લાન્ટ સ્થાપવાની દિશામાં વિચારણા : ભવિષ્યના વિઝન અંગે નિખિલ ધોડિયા જણાવે છે કે, રાજસ્થાનમાં પ્લાસ્ટિકને રિસાયકલ કરીને તેમાંથી ફલાવર પોટ, ટેબલ, ખુરશી અને બેન્ચ જેવી ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવી રહી છે. આ જ પ્રકારનું કામ વલસાડ જિલ્લામાં પણ થઈ શકે તે માટે રિસાયકિંલગ પ્લાન્ટ સ્થાપવાની દિશામાં વિચારણા ચાલી રહી છે. આ માટે કેટલીક કંપનીઓનો સંપર્ક પણ કરવામાં આવી રહ્યો છે.

પરિવર્તનની શરૂઆત કોઈ બીજા પાસેથી નહીં, પરતુ આપણી જાતથી જ થાય છે: આંતરરાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે જિલ્લાના યુવાનોને સંદેશ આપતા નિખિલ અને પ્રણિત કહે છે કે, આજે અનેક ગામો અને શહેરોમાં જ્યાં નજર કરીએ ત્યાં ગંદકી જોવા મળે છે. જો દરેક વિસ્તારના સ્થાનિક યુવાનોનું ગ્રુપ અઠવાડિયામાં માત્ર એક દિવસ અને એક કલાક પોતાના વિસ્તારની સફાઈ માટે ફાળવે તો સહિયારા પ્રયાસોથી આપણું ગામ, શહેર, તાલુકો, જિલ્લો, રાજ્ય અને દેશ સ્વચ્છ અને સુંદર બની શકે છે. યુવાનોમાં શક્તિ છે, સમય છે અને સૌથી મહત્વનું એટલે કંઈક બદલવાની વિચારશક્તિ છે. જરૂર છે માત્ર એ વિચારને અમલમાં મૂકવાની અને ઘરથી બહાર નીકળવાની. પરિવર્તનની શરૂઆત કોઈ બીજા પાસેથી નહીં, પરંતુ આપણી જાતથી જ થાય છે.

વર્તમાન પ્રવાહ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

તંત્રી લેખ

સોશિયલ મીડિયાનો બાળકો પર દુષ્પ્રભાવ

સર્વે ૪,૫૦૫ અમેરિકનો વચ્ચે હાથ ધરવામાં આવ્યો હતો અને તેમાં લગભગ ૨ ટકા ભૂલની શકયતા છેઃ મેટાની મુશ્કેલીઓ વધી

વિશ્વભરમાં સોશિયલ મીડિયાના વધતાં ઉપયોગ અંગે અનેક લોકો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.જેમાં અમેરિકામાં પણ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ઓપરેટ કરતી કંપની મેટા વિરૂદ્ધ લોકોનો આક્રોશ જોવા મળી રહ્યો છે. તેમની દલીલ છે કે સોશિયલ મીડિયા તેમના બાળકોના વ્યસની બનાવી રહ્યું છે અને તેમના માનસિક વિકાસને રૂંધી રહ્યું છે. આ વિગતો એક સર્વેમાં પ્રકાશમાં આવી છે. આ સર્વેમાં જણાવ્યા મુજબ કે ૬૧ ટકા અમેરિકનો માને છે કે સરકારે સોશિયલ મીડિયા કંપનીઓ પર કડક દેખરેખ રાખવી જોઈએ. તેમજ ૬૬ ટકા ઉત્તરદાતાઓ ઈચ્છે છે કે આ કંપનીઓ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સોશિયલ મીડિયાથી દૂર રાખવા માટે ઉંમર ચકાસણી ફરજિયાત બનાવવામાં આવે.

આ સર્વે ૪,૫૦૫ અમેરિકનો વચ્ચે હાથ ધરવામાં આવ્યો હતો અને તેમાં લગભગ ૨ ટકા ભૂલની શકયતા છે. સર્વેમાં ૬૧ ટકા લોકોએ સોશિયલ મીડિયા કંપનીઓ પર કડક દેખરેખ રાખવા અપીલ કરી હતી. જેમાં ૭૧ ટકા ડેમોક્રેટ્સ અને ૬૨ ટકા રિપબ્લિકન્સે દેખરેખ વધારવાનું સમર્થન કર્યું હતું.આ સર્વેમાં જણાવ્યા મુજબ ૮૫ ટકા અમેરિકનો માને છે કે સોશિયલ મીડિયા બાળકો માટે વ્યસન બન્યું છે. લોકો માને છે કે તેનો ઉપયોગ બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. બીજી બાજુ એવા લોકો પણ મોટી સંખ્યામાં છે જેઓ સોશિયલ મીડિયાનો આનંદ માણે છે. જ્યારે ૭૦ ટકા લોકોએ જણાવ્યું હતું કે તેઓ આ પ્લેટફોર્મ પર સમય વિતાવવાનું મનોરંજક માને છે.આ દરમિયાન ૫૨ ટકા લોકોએ સ્વીકાર્યું કે તેઓ સોશિયલ મીડિયા પર જરૂર કરતાં વધુ સમય વિતાવે છે. આ ઉપરાંત સર્વેમાં જણાવ્યા મુજબ લોકો ફેસબુક કે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ બિલકુલ કરવા નથી માંગતા પંરતુ લોકો કંપનીઓ પર બાળકો સંબંધિત નિયમો લાદવા માંગે છે.

અનિશ્ચિતતા અને વેચવાલીથી બજારમાં ઉછાળે સાવચેતીનો માહોલ યથાવત્...!!

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

મંગળવારના રોજ ભારતીય શેરબજારમાં નકારાત્મક શરૂઆતના સંકેતો જોવા મળ્યા હતા. વૈશ્વિક બજારોમાંથી મળેલા મિશ્ર સંકેતો, કાચા તેલના ભાવમાં વધઘટ, ઉપરના સ્તરે નફાવસૂલી અને રોકાણકારોની સાવચેતીને કારણે બજાર પર શરૂઆતથી દબાણ જોવા મળ્યું હતું. જોકે સ્થાનિક નાણાંપ્રવાહ, ભારતીય અર્થતંત્રના મજબૂત મૂળભૂત પરિબળો અને પસંદગીના શેરોમાં ખરીદી બજારને નીચલા સ્તરે આધાર આપી શકે છે. પરિણામે આજના સત્રમાં શરૂઆતમાં નબળાઈ બાદ અસ્થિરતા રહેવાની શક્યતા છે.

સેન્સેક્સમાં નકારાત્મક શરૂઆત પાછળ વૈશ્વિક બજારોની નબળાઈ, કાચા તેલના ભાવમાં વધારો અને ઉપરના સ્તરે નફાવસૂલી મુખ્ય કારણો બની શકે છે. બેંકિંગ અને નાણાકીય સેવાઓના શેરોમાં વેચવાલી વધે તો સૂચકાંક ઉપર વધુ દબાણ આવી શકે છે. બીજી તરફ દવા, વીજળી, સંરક્ષણ અને ઝડપી વપરાશની ચીજવસ્તુઓના શેરોમાં ખરીદી વધે તો દિવસ દરમિયાન નીચલા સ્તરેથી સુધારો જોવા મળી શકે છે.

નિફ્ટી વાયદામાં નકારાત્મક શરૂઆતની શક્યતા છે. શરૂઆતના દબાણ બાદ મહત્વના આધાર સ્તરો નજીક ખરીદદારો સક્રિય થાય તો ટૂંકા ગાળાનું વાયદા આવરણ જોવા મળી શકે છે. જો આધાર સ્તરો જળવાઈ રહેશે તો બજારમાં પુનઃ ખરીદી થઈ શકે છે, જ્યારે આધાર સ્તરો તૂટે તો વેચવાલી વધુ મજબૂત બની શકે છે. ભારતીય બજારને સ્થાનિક સ્તરે નિયમિત વ્યવસ્થિત રોકાણ યોજનાદ્વારા આવતો નાણાંપ્રવાહ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિ, મજબૂત ઘરેલુ માંગ, સરકારી મૂડી ખર્ચ અને ભારતીય અર્થતંત્રની સ્થિર વૃદ્ધિનો આધાર મળી રહ્યો છે. પ્રથમ ત્રિમાસિકના કોર્પોરેટ પરિણામો અને કંપનીઓના નફામાં સુધારાની અપેક્ષા પણ બજાર માટે હકારાત્મક પરિબળ છે. જોકે ઊંચા મૂલ્યાંકનને કારણે રોકાણકારો ઉપરના સ્તરે સાવચેતીપૂર્વક નફાવસૂલી કરી રહ્યા છે.

વૈશ્વિક બજારોમાં સાવચેતીનું વાતાવરણ ભારતીય બજાર માટે નકારાત્મક પરિબળ બની રહ્યું છે. અમેરિકાની વ્યાજદર નીતિ અંગેની અનિશ્ચિતતા, વૈશ્વિક બોન્ડના વ્યાજદર, ડોલરની ચાલ અને ભૂરાજકીય તણાવને કારણે વૈશ્વિક રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા મર્યાદિત રહી શકે છે. કાચા તેલના વધતા ભાવ ભારત માટે પણ ચિંતાજનક છે, કારણ કે ભારત તેની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે.

આજે માહિતી પ્રૌદ્યોગિકી, બેંકિંગ, નાણાકીય સેવાઓ, ધાતુ અને રિયલ્ટી ક્ષેત્રમાં વેચવાલીનું દબાણ જોવા મળી શકે છે. બીજી તરફ દવા, વીજળી, સંરક્ષણ, ઝડપી વપરાશની ચીજવસ્તુઓ, મૂડી સાધનો અને માળખાકીય વિકાસ ક્ષેત્રમાં પસંદગીયુક્ત ખરીદી જોવા મળી શકે છે. ઓટો તથા તેલ અને ગેસ ક્ષેત્રમાં કાચા તેલના ભાવ અને શેરવાર પરિબળોને કારણે મિશ્રવલણ રહેવાની શક્યતા છે.

બજારને ટેકો આપતા મુખ્ય હકારાત્મક પરિબળોમાં સ્થાનિક નાણાંપ્રવાહ, નિયમિત વ્યવસ્થિત રોકાણ યોજના, ભારતીય અર્થતંત્રની મજબૂત વૃદ્ધિ, કંપનીઓના સારા પરિણામોની અપેક્ષા અને પસંદગીના લાર્જકેપ શેરોમાં ખરીદીનો સમાવેશ થાય છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની તાજેતરની ખરીદી પણ બજાર માટે હકારાત્મક સંકેત છે. જો મહત્ત્વના આધાર સ્તરો ઉપર બજાર ટકી રહેશે તો નબળી શરૂઆત બાદ નીચલા સ્તરે ખરીદી અને ટૂંકા વેચાણનું આવરણ જોવા મળી શકે છે.

રોકાણકારોની શ્રદ્ધા ચતુર અને વિશ્વાસનું પ્રતિક

ઈન્વેસ્ટમેન્ટ પ્રોફેસર®

www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ

+91 99390 80808

મંદીના કારણોઃ આજની નબળી શરૂઆત પાછળ વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો, કાચા તેલના વધતા ભાવ, ઉપરના સ્તરે નફાવસૂલી, ઊંચા મૂલ્યાંકન અને વિદેશી રોકાણકારોની અનિશ્ચિત પ્રવૃત્તિ મુખ્ય કારણો છે. અમેરિકાની વ્યાજદર નીતિ અંગેની અનિશ્ચિતતા, ડોલરની મજબૂતી અને ભૂરાજકીય જોખમો પણ બજારની ભાવનાને નબળી બનાવી શકે છે. જો મુખ્ય સૂચકાંકો મહત્વના આધાર સ્તરો તોડશે તો ટૂંકા ગાળાના વેપારીઓ તરફથી વેચવાલીનું દબાણ વધી શકે છે.

તાજેતરની પ્રવૃત્તિમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો તરફથી ખરીદી જોવા મળી છે, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિમાં દિવસવાર ફેરફાર જોવા મળી રહ્યો છે. સ્થાનિક રોકાણકારોનો સતત નાણાંપ્રવાહ ભારતીય બજાર માટે મહત્ત્વપૂર્ણ આધાર બની રહ્યો છે. આગામી દિવસોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ખરીદી ચાલુ રહે છે કે નહીં તે બજારની દિશા માટે મહત્ત્વપૂર્ણ રહેશે.

કાચા તેલના ભાવમાં વધઘટ ભારતીય બજાર માટે મહત્ત્વપૂર્ણ પરિબળ બની રહી છે. કાચા તેલના ભાવમાં વધારો આયાત ખર્ચ અને ફુગાવા ઉપર દબાણ વધારી શકે છે. તેની અસર રૂપિયા, વ્યાજદરની અપેક્ષા અને કંપનીઓના નફાના પ્રમાણ ઉપર પણ પડી શકે છે. બીજી તરફ સોનામાં સલામત રોકાણ તરીકે માંગ જળવાઈ રહેવાની શક્યતા છે. ચાંદી અને ઔદ્યોગિક ધાતુઓમાં વૈશ્વિક માંગને આધારે મિશ્ર વલણ જોવા મળી શકે છે.

ભારતીય અર્થતંત્રઃ ભારતીય અર્થતંત્ર માટે ઘરેલુ માંગ, સરકારી મૂડી ખર્ચ, ઉત્પાદન ક્ષેત્રમાં સુધારો, ડિજિટલ અર્થતંત્રનો વિસ્તાર, મજબૂત બેંકિંગ વ્યવસ્થા અને સતત સ્થાનિક રોકાણ લાંબા ગાળાના હકારાત્મક પરિબળો છે. ખાનગી મૂડીરોકાણ અને કોર્પોરેટ નફાકારકતામાં સુધારાના સંકેતો પણ બજારના વિશ્વાસ માટે મહત્ત્વપૂર્ણ છે.

વૈશ્વિક અર્થતંત્રઃ વૈશ્વિક અર્થતંત્રમાં અમેરિકાની વ્યાજદર નીતિ, ફુગાવો, બોન્ડના વ્યાજદર, ડોલરની દિશા, કાચા તેલના ભાવ અને ભૂરાજકીય પરિસ્થિતિ મુખ્ય પરિબળો રહેશે. અમેરિકન તથા એશિયન બજારોમાં નબળાઈ ભારતીય બજારની શરૂઆતને અસર કરી શકે છે. બીજી તરફ વૈશ્વિક ટેક્નોલોજી કંપનીઓના સારા પરિણામો અને વ્યાજદર અંગે રાહતના સંકેતો બજારને ફરી ટેકો આપી શકે છે.

ભાવિ દિશા : ભારતીય શેરબજાર માટે ટૂંકા ગાળામાં નકારાત્મકથી અસ્થિર વલણ રહેવાની શક્યતા છે. આગામી સત્રોમાં બજારની દિશા વિદેશી અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિ, કાચા તેલના ભાવ, વૈશ્વિક બજારોની ચાલ, અમેરિકાની વ્યાજદર નીતિ, રૂપિયાની સ્થિતિ અને કોર્પોરેટ પરિણામો ઉપર નિર્ભર રહેશે. જો નિફ્ટી અને સેન્સેક્સ મહત્ત્વના આધાર સ્તરો ઉપર ટકી રહેશે તો નબળાઈ દરમિયાન નીચલા સ્તરે ખરીદી જોવા મળી શકે છે અને બજારમાં પુનઃ તેજીનું વલણ ઊભું થઈ શકે છે. બીજી તરફ આધાર સ્તરો તૂટે અને વિદેશી વેચવાલી વધે તો બજારમાં વધુ નબળાઈ જોવા મળી શકે છે. મધ્યમ અને લાંબા ગાળે ભારતીય અર્થતંત્રના મજબૂત મૂળભૂત પરિબળો બજાર માટે સકારાત્મક આધાર આપે છે. તેથી બજારમાં અસ્થિરતા દરમિયાન ગુણવત્તાસભર લાર્જકેપ શેરોમાં તબક્કાવાર રોકાણનો અભિગમ વધુ યોગ્ય રહી શકે છે. ટૂંકા ગાળાના વેપારીઓએ આધાર અને અવરોધના સ્તરો, વૈશ્વિક સંકેતો તથા સંસ્થાકીય નાણાંપ્રવાહ ઉપર વિશેષ નજર રાખવી જરૂરી રહેશે.

કોકરોચ જનતા પાર્ટીની નવી જાહેરાત

૧૫ ઓગસ્ટથી સરકારી શાળાઓ માટે શરૂ થશે રાષ્ટ્રવ્યાપી 'સરપંચ ચેલેન્જ'

સીજેપીએ હાલમાં જ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ સામે દિલ્હીના જંતર-મંતર પર ૩૬ દિવસ સુધી વિરોધ પ્રદર્શન કર્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ દેશના ગ્રામીણ વિસ્તારોની સરકારી શાળાઓની સ્થિતિ સુધારવા માટે એક મોટા રાષ્ટ્રવ્યાપી અભિયાનની જાહેરાત કરી છે. તેમણે **ગ્રામજનો અને વાલીઓને પોતાના બાળકોની શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનું 'સોશિયલ ઓડિટ' કરવાની અપીલ કરી છે, સાથે જ ગામના સરપંચોને શાળાઓના વિકાસ માટે આગળ આવવા આહ્વાન કર્યું છે.** CJPનું આ ખાસ અભિયાન સ્વતંત્રતા દિવસના અવસરે 15 ઓગસ્ટથી શરૂ થશે. આ પક્ષે નાગરિકો, વાલીઓ અને સ્થાનિક જનપ્રતિનિધિઓને એકજૂથ થઈને ગ્રામીણ શિક્ષણ વ્યવસ્થાની ખામીઓને દૂર કરવા માટે અપીલ કરી છે.

અભિજીત દીપકેએ એક વીડિયો જાહેર કરીને જણાવ્યું કે તેઓ પોતે મહારાષ્ટ્ર સ્થિત પોતાના ગામ હિંગોળીથી આ પહેલની શરૂઆત કરશે અને ગામના સરપંચને મળીને સરકારી શાળાને વધુ સારી બનાવવાની વિનંતી કરશે. તેમણે ભારપૂર્વક કહ્યું, "આવનારી 15 ઓગસ્ટ આપણો 80મો સ્વતંત્રતા દિવસ છે, પરંતુ છેલ્લા 80 વર્ષોમાં જો કોઈ બાબતની સૌથી વધુ ઉપેક્ષા થઈ હોય તો તે આપણા ગામડાઓની સરકારી શાળાઓ છે. આપણે સંસદનું નવું ભવન બનાવ્યું, નવું પીએમ આવાસ બનાવ્યું, પણ ગામડાઓમાં નવી શાળાઓ કેમ ન બનાવી શક્યા? શું આપણે ખેડૂતો અને મજૂરોના બાળકોને દેશનું ભવિષ્ય નથી માનતા? આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં બાળકોને લાંબી મજલ કાપીને શાળાએ જવું પડે છે, જ્યાં પીવાનું પાણી અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ પણ હોતી નથી, જેનાથી સૌથી વધુ હાલાકી વિદ્યાર્થીનીઓને ભોગવવી પડે છે.'

આ અભિયાન અંતર્ગત CJPએ દેશભરના સરપંચોને પોતાના ગામની શાળાઓની સ્થિતિ સુધારવા માટે ખાસ અપીલ કરી છે, જેને 'સરપંચ ચેલેન્જ' નામ આપવામાં આવ્યું છે. આ યોજના હેઠળ જે પણ સરપંચ પોતાના ગામની શાળાની સ્થિતિમાં સુધારો કરશે, તેના કામની 'પહેલા અને પછી' ની તસવીરો CJP પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરીને તે સરપંચને જાહેરમાં ક્રેડિટ આપશે. દીપકેએ આશા વ્યક્ત કરી હતી કે આનાથી પ્રેરિત થઈને અન્ય સરપંચો પણ પોતાના ગામોમાં આવાં સકારાત્મક પગલાં ભરશે.CJPએ વાલીઓને પણ પોતાના બાળકોની શાળાની રૂબરૂ મુલાકાત લઈને વીજળી, સ્વચ્છ પાણી, ચાલુ હાલતમાં શૌચાલય અને મિડ-ડે મીલ જેવી સુવિધાઓની તપાસ કરવા કહ્યું છે. જો શાળામાં સુવિધાઓનો અભાવ હોય, તો તેનો વીડિયો બનાવવાની અપીલ કરવામાં આવી છે. આ માટે CJP ટૂંક સમયમાં એક ફોર્મ જાહેર કરશે, જેને ડાઉનલોડ અને પ્રિન્ટ કરીને વાલીઓ શાળાઓની ખામીઓની વિગતો નોંધાવી શકશે. આ ફોર્મ અને વીડિયો પુરાવા ઈમેલ દ્વારા મોકલી શકાશે. ઉલ્લેખનીય છે કે, CJPએ હાલમાં જ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ સામે દિલ્હીના જંતર-મંતર પર 36 દિવસ સુધી વિરોધ પ્રદર્શન કર્યું હતું. તત્કાલીન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ 25 જુલાઈના રોજ આ આંદોલન સમેટી લેવાયું હતું. તાજેતરમાં છત્રપતિ સંભાજીનગરમાં યોજાયેલી બે દિવસીય બેઠકમાં CJPએ સીધી ચૂંટણી રાજનીતિમાં ઊતરવાને બદલે એક 'યુવા આંદોલન' તરીકે જનહિતના મુદ્દાઓ પર કામ કરવાનો નિર્ણય લીધો હતો.

પંજાબ ભાજપમાં આંતરિક અસંતોષથી હાઈકમાન્ડ ચિંતિત : નેતાઓના રાજીનામાથી ખળભળાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ચંડીગઢ, તા.૧૧

પંજાબ ભાજપમાં જિલ્લા પ્રમુખોની તાજેતરમાં થયેલી નિમણૂક બાદ સંગઠનની અંદર અસંતોષ વધ્યો છે. જૂના અને વરિષ્ઠ નેતાઓમાં નારાજગી વચ્ચે એક બાદ એક રાજીનામાં સામે આવતા ભાજપના કેન્દ્રીય નેતૃત્વની ચિંતા વધી છે. સ્થિતિને ગંભીરતાથી લેતાં હાઈકમાન્ડે સીધો હસ્તક્ષેપ કર્યો છે અને પ્રદેશ ભાજપ પ્રમુખ કેવલ સિંહ ઢિલોનને દિલ્હી બોલાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

૨૦૨૭ની ચૂંટણી પહેલાં સંગઠનનો વિવાદ ડામવા હાઈકમાન્ડ સક્રિય, નારાજ નેતાઓને મનાવવાના પ્રયાસો શરૂ

સૂત્રોના જણાવ્યા મુજબ કેન્દ્રીય નેતૃત્વએ સંગઠનમાં વધી રહેલા અસંતોષને તાત્કાલિક કાબૂમાં લેવા અને નારાજ નેતાઓ સાથે સંવાદ વધારવા સૂચના આપી છે. ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં સંગઠનનો આંતરિક વિવાદ મોટું રાજકીય સંકટ ન બને તે માટે ભાજપ હવે ડેમેજ કંટ્રોલમાં લાગી ગયું છે.

હોશિયારપુરમાં જિલ્લા પ્રમુખોની નિમણૂકને લઈને વિરોધ સૌથી વધુ જોવા મળ્યો છે. અહીં ૧૧૧ હોદ્દેદારોએ સામૂહિક રીતે રાજીનામાં આપ્યા હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત સુખમિંદર ગ્રેવાલ અને મનિંદર સિંહના રાજીનામાથી પણ પક્ષના નેતૃત્વ પર દબાણ વધ્યું છે. ભાજપ હવે રાજીનામું આપનારા નેતાઓને ફરી સંગઠન સાથે જોડવા માટે પ્રયાસ કરી રહ્યો છે.

વરિષ્ઠ અને પાયાના નેતાઓનો મુખ્ય આક્ષેપ છે કે સંગઠનાત્મક નિમણૂકોમાં તેમની સલાહને પૂરતું મહત્વ આપવામાં આવ્યું નથી અને નવા ચહેરાઓને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. માત્ર બે સપ્તાહમાં છ જિલ્લા પ્રમુખોને બદલવાના નિર્ણયથી પણ સંગઠનની અંદર સવાલો ઊભા થયા છે.

ભાજપે પોતાની રણનીતિ સ્પષ્ટ કરી છે. હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ જણાવ્યું છે કે પંજાબમાં ભાજપનું ગઠબંધન કોઈ રાજકીય પક્ષ સાથે નહીં, પરંતુ રાજ્યની જનતા સાથે છે. પ્રદેશ પ્રમુખ કેવલ સિંહ ઢિલોને પણ તમામ ૧૧૭ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારીના સંકેત આપ્યા છે. **વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલની મુલાકાત બાદ ગઠબંધનની અટકળો તેજ થઈ હતી. જોકે નાયબ સિંહ સૈનીએ સ્પષ્ટ કર્યું કે વડાપ્રધાન કોઈપણ વ્યક્તિને મળી શકે છે અને માત્ર મુલાકાતને ગઠબંધન સાથે જોડવી યોગ્ય નથી.** હવે ભાજપ માટે સૌથી મોટો પડકાર સંગઠનની અંદરનો અસંતોષ દૂર કરીને ૨૦૨૭ની ચૂંટણી માટે કાર્યકરોને એકજૂથ કરવાનો છે.

ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગ પર સરકારે માર્યો બ્રેકઃ 'ફ્લેશ પોઈન્ટ' બન્યું મોટું જોખમ!

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

જે ઈથેનોલને પેટ્રોલમાં ભેળવીને ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા અને પ્રદૂષણ ઓછું કરવા માટે મોટું કદમ માનવામાં આવતું હતું, તે જ ઈથેનોલ ડીઝલમાં ભળતા જ સુરક્ષા સામે સવાલો ઊભા થઈ ગયા છે. E20 પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે કેન્દ્ર સરકારે ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગને લઈને મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે.

હાલમાં દેશમાં ૨૦ કરોડથી વધુ ટૂ-વ્હીલર્સ અને ૩ કરોડથી વધુ પેટ્રોલ કારો ઈથેનોલ-બ્લેન્ડેડ ઇંધણ પર ચાલી રહી છે

સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં ડીઝલમાં ઈથેનોલ ભેળવવામાં નહીં આવે. ડીઝલમાં ઈથેનોલના ટેસ્ટિંગ બાદ સુરક્ષાના કારણોસર આ યોજનાને હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે. પેટ્રોલિયમ અને નૈસર્ગિક ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ રાજ્યસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે સરકારી ઓઈલ કંપનીઓએ પોતાના રિસર્ચ સેન્ટરો, ઓટોમોબાઈલ કંપનીઓ અને સર્ટિફાઈડ લેબ્સ સાથે મળીને ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગનું પરીક્ષણ કર્યું હતું. આ તપાસમાં સામે આવ્યું કે ઈથેનોલ ભેળવવાથી ડીઝલનો 'ફ્લેશ પોઈન્ટ' (Flash Point) નોંધપાત્ર રીતે નીચો જતો રહે છે, જેના કારણે ઈથેનોલ-બ્લેન્ડેડ ડીઝલ નક્કી કરેલા સુરક્ષા ધોરણો પર ખરું ઊતરી શક્યું નથી.ફ્લેશ પોઈન્ટ એ કોઈપણ બળતણની સુરક્ષા સાથે જોડાયેલો એક અત્યંત મહત્ત્વનો પેરામીટર છે. સરળ ભાષામાં કહીએ તો, ફ્લેશ પોઈન્ટ એ લઘુત્તમ તાપમાન છે જેના પર ઈંધણમાંથી નીકળતી વરાળ હવામાં ભળીને બહારના કોઈ તણખા કે આગના સંપર્કમાં આવતા જ સળગી શકે છે. ફ્લેશ પોઈન્ટ જેટલો નીચો હશે, ઈંધણ એટલી જ ઝડપથી આગ પકડી લેશે. ડીઝલના સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન અને ટેન્કરોમાંથી હેન્ડલિંગ દરમિયાન આનાથી આગ લાગવાનું મોટું જોખમ ઊભું થઈ શકે છે.પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા અંગે સ્પષ્ટતા કરતા સરકારે કહ્યું કે, હાલમાં પેટ્રોલમાં 20%થી વધુ ઈથેનોલ (E20) ભેળવવાનો કોઈ નિર્ણય લેવાયો નથી. ભવિષ્યમાં જો ઈથેનોલનું પ્રમાણ વધારવામાં આવશે, તો તે પહેલા વૈજ્ઞાનિક અને ટેકનિકલ સ્તરે ઊંડો અભ્યાસ કરવામાં આવશે તેમજ તમામ સંબંધિત પક્ષો સાથે ચર્ચા કરાશે. સરકારે E20 પેટ્રોલને સંપૂર્ણપણે સુરક્ષિત ગણાવ્યું છે. ARAI, SIAM અને ઈન્ડિયન ઓઈલ જેવી સંસ્થાઓ દ્વારા કરાયેલા લેબ ટેસ્ટ અને ફીલ્ડ ટ્રાયલમાં એન્જિન લાઈફ, પરફોર્મન્સ અને ફ્યુઅલ એફિશિયન્સી જેવા તમામ પાસાઓ પર E20 યોગ્ય સાબિત થયું છે.સરકારના ડેટા અનુસાર, હાલમાં દેશમાં 20 કરોડથી વધુ ટૂ-વ્હીલર્સ અને 3 કરોડથી વધુ પેટ્રોલ કારો ઈથેનોલ-બ્લેન્ડેડ ઈંધણ પર ચાલી રહી છે. છેલ્લા 3 વર્ષથી વધુ સમયથી E15+ અને 2.5 વર્ષથી વધુ સમયથી E19-E20 ફ્યુઅલનો ઉપયોગ થઈ રહ્યો છે. અત્યાર સુધી એવા કોઈ પ્રમાણિત પુરાવા મળ્યા નથી જેનાથી મોટા પાયે એન્જિન ખરાબ થવાને ઈથેનોલ બ્લેન્ડિંગ સાથે સીધું જોડી શકાય.

આમ, સરકારે ડીઝલમાં ઈથેનોલ ભેળવવાનો રસ્તો હાલ બંધ કરી દીધો છે, જ્યારે પેટ્રોલમાં E20 જાળવી રાખ્યું છે.

AI હવે સીધું લેપટોપમાં ચાલશે મેટાએ Muse ગ્લિમર લોન્ચ કર્યું

૩૦ અબજ પેરામીટર્સ સાથેના કોમ્પેક્ટ AI મોડલથી પ્રાઈવસી માટે ફાયદાકારક, ડેટા સેન્ટર્સ-ક્લાઉડની જરૂર નહીં રહે, ખર્ચમાં પણ ઘટાડો આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **કેલિફોર્નિયા, તા.૧૧**

મેટાએ એઆઈ સેક્ટરમાં ઓપન-વેઈટ સ્ટ્રેટર્જીને મજબૂત બનાવતા નવું મોડલ મ્યૂસ ગ્લિમર લોન્ચ કર્યું છે. આ મોડલની ખાસિયત છે કે તેને મોટા ડેટા સેન્ટર્સ પર આધાર રાખ્યા વિના સામાન્ય કમ્પ્યુટર કે લેપટોપમાં કન્ઝ્યુમર ગ્રેડ જીપીયુ પર ચલાવી શકાય છે.

મ્યૂસ ગ્લિમર આશરે ૩૦ અબજ પેરામીટર્સ ધરાવતું કોમ્પેક્ટ એઆઈ મોડલ છે. તેને મોટા મ્યૂસ સ્પાર્ક મોડલમાંથી ડિસ્ટીલેશન ટેકનિક દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેનો હેતુ માત્ર સવાલોના જવાબ પૂરતો નથી. પરંતુ, કોડિંગ, પ્લાનિંગ, રીઝનિંગ અને વિવિધ એઆઈ એજન્ટના કામ કરવામાં મદદ કરવાનો છે.તે લોકલ ડિવાઈઝ પર ચાલી શકે. એટલે દરેક કામ માટે એઆઈને ક્લાઉડ અથવા મોટા ડેટાસેન્ટર્સ પર મોકલવાની જરૂરિયાત ઘટી શકે છે. તેના કારણે લેટન્સી, ખર્ચ અને કેટલાક પ્રાઈવસી સંબંધિત પ્રશ્નોમાં ફાયદો થઈ શકે છે.આ લોન્ચિંગ સાથે કંપનીએ ઓપન-વેઈટ મોડલની રણનીતિ અપનાવી છે. મ્યૂસ સ્પાર્ક ૧.૨ પણ ઓપન-વેઈટસ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

દિલ્હી હાઈએલર્ટ પર

૧૫ ઓગસ્ટ પહેલા દિલ્હીમાં હાઈ એલર્ટ આપવામાં આવ્યું

ઈન્ડિયન મુજાહિદ્દીન અને અલ-કાયદાના લોકો સહિત ૧૯ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કરવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

૧૫મી ઓગસ્ટને ધ્યાને રાખીને દિલ્હી પોલીસ એક્શન અને એલર્ટ મોડમાં આવી ગઇ છે. સુરક્ષાને ધ્યાને રાખીને દિલ્હીમાં જ ચાંચો બંદોબસ્ત અને કડક સુરક્ષા વ્યવસ્થા જોવા મળી રહી છે. તેવામાં દિલ્હી પોલીસે સમગ્ર રાજધાનીમાં હાઇએલર્ટ નોટિસ પાઠવી છે. દિલ્હી પોલીસે ૧૯ મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કર્યા છે. જેઓ ઈન્ડિયન મુજાહિદ્દીન, અલ-કાયદા અને વિવિધ ખાલિસ્તાની સંગઠનો સાથે જોડાયેલા છે. પોલીસે જનતાને આ શંકાસ્પદો વિશે માહિતી આપવા અપીલ કરી છે અને સચોટ વિગતો આપનારાઓ માટે ઈનામની જાહેરાત કરી છે.

સ્વતંત્રતા દિવસ નજીક આવતાની સાથે જ દિલ્હી પોલીસે સંભવિત આતંકવાદી ધમકીઓને કારણે સમગ્ર રાજધાનીને હાઈ એલર્ટ પર રાખી છે. સાવચેતીના પગલા તરીકે ૧૯ મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓના પોસ્ટર શહેરના મુખ્ય સ્થળો, જાહેર સ્થળો અને વ્યસ્ત બજારોમાં લગાવવામાં આવ્યા છે.

દિલ્હી પોલીસે જાહેર કરેલા પોસ્ટરોમાં ઈન્ડિયન મુજાહિદ્દીન, અલ-કાયદા અને વિવિધ ખાલિસ્તાની આતંકવાદી જૂથો સાથે સંકળાયેલા ખતરનાક શંકાસ્પદોના ફોટોગ્રાફ્સ અને વિગતો છે.

આ પોસ્ટરોમાં ઈન્ડિયન મુજાહિદ્દીનના રિયાઝ ભટકલ અને શબંદરી મોહમ્મદ ઇકબાલ (ઉર્ફે ઇકબાલ ભટકલ), તેમજ અલ-કાયદા સાથે જોડાયેલા મોહમ્મદ શર્જીલ અન્સર, અબુ સુફિયાન અને સૈયદ મોહમ્મદ અરશિયાન જેવા વ્યક્તિઓ દર્શાવવામાં આવ્યા છે.

મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની યાદીમાં 'ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ'ના રણજીત સિંહ (ઉર્ફે નીતા) અને પરમજીત સિંહ પમ્મા; 'ખાલિસ્તાન ટાઇગર ફોર્સ'ના અર્શદીપ સિંહ (ઉર્ફે અર્શ ડલ્લા); અને 'બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ' (BKI)ના હરવિંદર સિંહ સંધુ (ઉર્ફે રિંડા), વાધવા સિંહ બબ્બર અને ગુરમીત સિંહ બગ્ગા જેવા નામોનો સમાવેશ થાય છે.

એ નોંધનીય છે કે, દર વર્ષે ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીની આસપાસના સમયગાળા દરમિયાન દિલ્હી પર આતંકવાદી હુમલાનો ખતરો સૌથી વધુ હોય છે. આને ધ્યાનમાં રાખીને આ વોન્ટેડ આતંકવાદીઓની યાદી બહાર પાડવામાં આવી છે. જેથી નાગરિકો સતર્ક રહે છે અને જો તેઓ કોઈ શંકાસ્પદ વ્યક્તિને જુએ છે અથવા ઓળખે છે તો તેઓ તાત્કાલિક કોઈપણ માહિતીની જાણ કરી શકે છે.

પોલીસે જનતાને અપીલ કરી છે કે, જો આ શંકાસ્પદોમાંથી કોઈ દેખાય અથવા તેમના વિશે કોઈ માહિતી ઉપલબ્ધ થાય તો તાત્કાલિક તેમને જાણ કરે. પોસ્ટરમાં પોલીસ કંટ્રોલ રૂમ (૧૧૨) અને સ્પેશિયલ સેલના સંપર્ક નંબરો સૂચિબદ્ધ છે. દિલ્હી પોલીસે એમ પણ જણાવ્યું છે કે સચોટ માહિતી આપનાર કોઈપણ વ્યક્તિને યોગ્ય ઈનામ આપવામાં આવશે, અને તેમની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

૧૫ ઓગસ્ટ પહેલા મોટું કાવતરું નિષ્ફળ

પાકિસ્તાનથી ડ્રોન મારફતે આવેલા હથિયારો સાથે 3 યુવકો ઝડપાયા

આ કાર્યવાહીથી સંભવિત મોટી ગુનાહિત ઘટનાને સમયસર અટકાવવામાં આવી હોવાનું પોલીસનું કહેવું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

હરિયાણા, તા.૧૧

સ્વતંત્રતા દિવસ ૧૫ ઓગસ્ટ પહેલા ચંદીગઢ પોલીસના ઓપરેશન સેલે એક મોટા ગુનાહિત કાવતરાનો પર્દાફાશ કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગુરુગ્રામમાં ખંડણી અને ગોળીબારની યોજના બનાવી રહેલા ત્રણ યુવકોને પાકિસ્તાનથી સરહદ પારથી પહોંચાડવામાં આવેલા હથિયારો સાથે ઝડપી લેવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી સંભવિત મોટી ગુનાહિત ઘટનાને સમયસર અટકાવવામાં આવી હોવાનું પોલીસનું કહેવું છે.

પોલીસે પકડેલા આરોપીઓની ઓળખ ૧૯ વર્ષીય અજય, ૧૮ વર્ષીય રોહિત અને ૧૮ વર્ષીય દેવ તરીકે કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ત્રણેય યુવકોને એક ગેંગ દ્વારા પૈસાની લાલચ આપીને પોતાના નેટવર્કમાં જોડવામાં આવ્યા હતા. તેઓને ગુરુગ્રામમાં ચોક્કસ વ્યક્તિ અથવા સ્થળની રેકી કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

પોલીસ તપાસ મુજબ અજય હરિયાણાના જીંદમાં મારુતિ કંપનીમાં હેલ્પર તરીકે કામ કરતો હતો. તેણે રોહિત અને દેવને કથિત રીતે ગેંગના સંપર્કમાં લાવ્યા હતા. રોહિત ઈલેક્ટ્રિકલ દુકાનમાં કામ કરતો હતો, જ્યારે દેવ પણ હેલ્પર તરીકે કામ કરતો હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે, 'દીપક નંદલ ગેંગ' દ્વારા આ યુવકોને મોટી રકમની લાલચ આપવામાં આવી હતી. ત્યારબાદ તેમને ગુરુગ્રામમાં એક ટાર્ગેટની રેકી કરવા માટે મોકલવામાં આવ્યા હતા. પોલીસને આશંકા છે કે રેકી બાદ ખંડણી વસૂલવા અથવા ગોળીબાર કરવાની યોજના બનાવવામાં આવી હતી.

આ કેસની તપાસ દરમિયાન પોલીસને સરહદ પારથી હથિયારોની સપ્લાય સાથે જોડાયેલા નેટવર્ક અંગે મહત્વની માહિતી મળી છે. તપાસમાં અમૃતસરના કક્કર ગામના ૩૨ વર્ષીય નિશાન સિંહનું નામ સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, તે પાકિસ્તાનમાં બેઠેલા હથિયાર સપ્લાયર સાથે સંપર્કમાં હતો.

નિશાન સિંહ ડેરીના વ્યવસાયની આડમાં સરહદ પારથી ડ્રોન મારફતે પહોંચાડવામાં આવતા હથિયારો મેળવતો અને ત્યારબાદ તેને ગેંગના અન્ય સભ્યો સુધી પહોંચાડતો હોવાની પોલીસને આશંકા છે.

૧૫ ઓગસ્ટ પહેલા થયેલી આ કાર્યવાહી બાદ સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. પોલીસ હવે પાકિસ્તાનમાં બેઠેલા કથિત હથિયાર સપ્લાયર સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. જમ્મ કરાયેલા હથિયારો અગાઉ કોઈ ગુનામાં ઉપયોગમાં લેવાયા હતા કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

સાથે જ, આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકો અને અત્યાર સુધીમાં સરહદ પારથી મોકલાયેલા હથિયારોના જથ્થા અંગે પણ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. પોલીસની સમયસરની કાર્યવાહીને કારણે સ્વતંત્રતા દિવસ પહેલા સંભવિત મોટી ગુનાહિત ઘટનાને અટકાવવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

NASAએ ISROને મૂન બેઝ પ્રોગ્રામમાં જોડાવા આપ્યું આમંત્રણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

બેંગલુરુ, તા.૧૧

ભારત અને અમેરિકા વચ્ચે અંતરિક્ષ ક્ષેત્રે સહયોગને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. અમેરિકાની સ્પેસ એજન્સી NASAએ ભારતની ISROને પોતાના મૂન બેઝ પ્રોગ્રામમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું છે. આ સહયોગથી ચંદ્ર સંશોધનથી લઈને માનવ અંતરિક્ષ ઉડાન અને ભવિષ્યના સ્પેસ સ્ટેશન સુધી બંને દેશો વચ્ચે ભાગીદારી વધુ મજબૂત થવાની શક્યતા છે.

૫ અને ૬ ઓગસ્ટે બેંગલુરુ સ્થિત ISRO મુખ્યાલયમાં ભારત-અમેરિકા સિવિલ સ્પેસ જોઈન્ટ વર્કિંગ ગ્રુપની ૮મી બેઠક યોજાઈ હતી. બેઠકમાં ISRO ના ચેરમેન ડૉ. વી. નારાયણન અને ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરેએ બંને દેશો વચ્ચે અંતરિક્ષ સહયોગને વધુ વિસ્તૃત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન NASA અને ISRO ના સંયુક્ત NISAR મિશનની સફળતા બાદ ભવિષ્યમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. અંતરિક્ષ વિજ્ઞાન, માનવ અંતરિક્ષ ઉડાન ટેક્નોલોજી અને વૈજ્ઞાનિક ડેટાની આપ-લે જેવા મહત્વના મુદ્દાઓ બેઠકના કેન્દ્રમાં રહ્યા હતા.

આ બેઠકનું સૌથી મહત્વપૂર્ણ પાસું NASA દ્વારા ISROને તેના મૂન બેઝ પ્રોગ્રામમાં જોડાવા માટે આપવામાં આવેલું આમંત્રણ રહ્યું. બંને દેશો વચ્ચે ચાલી રહેલી વ્યાપક અંતરિક્ષ ભાગીદારી હેઠળ આ સહયોગને આગળ વધારવાની દિશામાં ચર્ચા થઈ છે. બંને પક્ષોએ વૈજ્ઞાનિક ડેટાની વધુ અસરકારક અને ખુલ્લી વહેંચણી માટે સહકાર વધારવાની સંમતિ પણ વ્યક્ત કરી છે. ભારત પોતાના મહત્વાકાંક્ષી અંતરિક્ષ કાર્યક્રમ હેઠળ આગામી દાયકાઓ માટે મોટા લક્ષ્યો નક્કી કરી ચૂક્યું છે. તેમાં ૨૦૪૦ સુધી ચંદ્ર પર ભારતીય માનવ લેન્ડિંગ, ભારતીય અંતરિક્ષ સ્ટેશનનું નિર્માણ અને માનવ અંતરિક્ષ ઉડાન કાર્યક્રમનો સમાવેશ થાય છે. ભારતીય અંતરિક્ષ સ્ટેશનનું પ્રથમ મોડ્યુલ ૨૦૨૮ સુધીમાં અને સંપૂર્ણ સ્ટેશન ૨૦૩૫ સુધીમાં તૈયાર કરવાનું લક્ષ્ય છે. આ ઉપરાંત ચંદ્રયાન-૩ની ૨૦૨૩માં થયેલી સફળ સોફ્ટ લેન્ડિંગે ભારતની ચંદ્ર પર ઉતરવાની અને રોવર ચલાવવાની ક્ષમતા સાબિત કરી હતી.

ભારત અને અમેરિકાએ અંતરિક્ષ પ્રવૃત્તિઓની લાંબા ગાળાની સ્થિરતા તથા અંતરિક્ષના શાંતિપૂર્ણ ઉપયોગ માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસોને આગળ વધારવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી છે. NASAનું મૂન બેઝ આમંત્રણ અને ISRO સાથે વધતો સહયોગ ભારતના ચંદ્ર તથા માનવ અંતરિક્ષ કાર્યક્રમોને નવી ટેક્નોલોજી, સંશોધન અને વૈજ્ઞાનિક સહકારની દિશામાં મહત્વપૂર્ણ ગતિ આપી શકે છે.

કોલસા કેસમાં મનમોહન સિંહને રાહત

સુપ્રીમ કોર્ટે CBIની ક્લોઝર રિપોર્ટ સ્વીકારી, સોનિયા ગાંધીએ મોદી સરકાર પર કર્યા પ્રહાર

કોર્ટે નીચલી અદાલત દ્વારા ૨૦૧૫માં મનમોહન સિંહને આરોપી તરીકે સમન્સ પાઠવવાના આદેશને પણ રદ કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

કોલસા બ્લોક ફાળવણી કેસમાં પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી કાનૂની રાહત મળી છે. ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ સુપ્રીમ કોર્ટે આ કેસમાં CBI દ્વારા દાખલ કરવામાં આવેલી ક્લોઝર રિપોર્ટ સ્વીકારીને તેમની સામેની કાર્યવાહી બંધ કરી હતી. કોર્ટે નીચલી અદાલત દ્વારા ૨૦૧૫માં મનમોહન સિંહને આરોપી તરીકે સમન્સ પાઠવવાના આદેશને પણ રદ કર્યો હતો.

આ કેસ ઓડિશાના તલબીરા-II કોલ બ્લોકની ફાળવણી સાથે જોડાયેલો હતો. CBI એ અગાઉ તપાસ બાદ મનમોહન સિંહ સામે કાર્યવાહી આગળ ન વધારવાની ભલામણ કરતી ક્લોઝર રિપોર્ટ રજૂ કરી હતી. જોકે, ટ્રાયલ કોર્ટે આ રિપોર્ટ સ્વીકારવાને બદલે તેમને સમન્સ પાઠવ્યા હતા. સુપ્રીમ કોર્ટે હવે સ્પષ્ટ કર્યું કે, CBIની ક્લોઝર રિપોર્ટને ફગાવીને કેસ આગળ વધારવા માટે ટ્રાયલ કોર્ટ પાસે પૂરતું કારણ નહોતું.

મનમોહન સિંહનું ડિસેમ્બર ૨૦૨૪માં અવસાન થઈ ચૂક્યું હોવા છતાં સુપ્રીમ કોર્ટે તેમની સામેના આક્ષેપો અને નીચલી અદાલતના આદેશની કાયદેસરતા પર વિચાર કર્યો હતો. કોર્ટે CBIના બંને ક્લોઝર રિપોર્ટને ધ્યાનમાં લઈને તેમની સામેની કાર્યવાહી બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય બાદ કોંગ્રેસે તેને મનમોહન સિંહની પ્રામાણિકતા અને રાજકીય વારસાની પુષ્ટિ તરીકે રજૂ કર્યો છે.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ મનમોહન સિંહની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, ઇતિહાસ મનમોહન સિંહને શાંત, સરળ અને અત્યંત પ્રભાવશાળી વડાપ્રધાન તરીકે યાદ રાખશે. તેમણે તેમના આર્થિક અને સામાજિક ક્ષેત્રના કામોને પણ યાદ કર્યા હતા.

સોનિયા ગાંધીએ આ મુદ્દાને લઈને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર પણ રાજકીય પ્રહાર કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર ED અને CBI જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓનો રાજકીય હેતુઓ માટે દુરુપયોગ કરે છે. તેમના આ નિવેદનથી આ મામલો ફરી એકવાર રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

સોનિયા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૦૧૭માં રાજ્યસભામાં મનમોહન સિંહ અંગે કરેલી 'રેનકોટ પહેરીને નહાવાની કળા' વાળી ટિપ્પણીનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવો કર્યો કે મનમોહન સિંહની સરકારના આર્થિક પ્રદર્શન અને નીતિઓને લઈને કરવામાં આવેલા રાજકીય હુમલાઓનો હવે નવા કાનૂની નિર્ણયના સંદર્ભમાં ફરી વિચાર થવો જોઈએ.

સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી એક દાયકાથી વધુ સમયથી ચાલતા આ ચોક્કસ કોલ બ્લોક ફાળવણી કેસમાં મનમોહન સિંહ સામેની કાનૂની કાર્યવાહીનો અંત આવ્યો છે.

ભારે ભીડને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા

હરિદ્વારમાં કાંવડનો તૂટ્યો રેકોર્ડ, ૪.૪૩ કરોડ કાંવડિયાઓએ ગંગાજળ લીધુ

શ્રાવણ શિવરાત્રિ પર શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ, હરિદ્વારના દક્ષેશ્વર મહાદેવ મંદિરમાં લાંબી લાઇનો લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઉત્તરાખંડ, તા.૧૧

શ્રાવણ શિવરાત્રિના પાવન અવસર પર દેશભરના શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. હરિદ્વારના દક્ષેશ્વર મહાદેવ મંદિરમાં પણ વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી લાઇનો લાગી છે. ભક્તો બમ-બમ ભોલે અને હર-હર મહાદેવના જયઘોષ સાથે ભગવાન શિવનો જળાભિષેક કરી રહ્યા છે. શિવરાત્રિના દિવસે ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ વર્ષે હરિદ્વારમાં કાવડ યાત્રા દરમિયાન રેકોર્ડ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. સોમવાર સાંજ સુધીમાં આશરે ૪.૪૩ કરોડ કાવડિયા હરિદ્વારથી ગંગાજળ લઈને પોતાના ઘરે પરત ફરી ચૂક્યા હતા. માત્ર સોમવારે જ લગભગ ૬૩.૬૦ લાખ શ્રદ્ધાળુઓ હરિદ્વાર પહોંચ્યા હતા. આટલી મોટી સંખ્યામાં ભક્તો ઉમટતા હરિદ્વારમાં સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા માટે તંત્ર દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે.

હરિદ્વારના અન્ય શિવ મંદિરોની જેમ દક્ષેશ્વર મહાદેવ મંદિરમાં પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. માન્યતા અનુસાર, આ મંદિર ભગવાન શિવના સસરા દક્ષ પ્રજાપતિ સાથે જોડાયેલું છે અને તેથી તેનું ધાર્મિક મહત્વ વિશેષ છે. શિવરાત્રિના અવસરે અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શન અને જળાભિષેક માટે પહોંચ્યા છે.

સવારથી જ મંદિર પરિસર બહાર ભક્તો હાથમાં ગંગાજળ લઈને ભગવાન શિવને અર્પણ કરવા માટે આતુર જોવા મળી રહ્યા છે. કાવડિયાઓ પણ પોતાની કાવડમાં લાવેલું પવિત્ર ગંગાજળ ભગવાન શિવને અર્પણ કરી રહ્યા છે.

શ્રદ્ધાળુઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને હરિદ્વાર પ્રશાસન દ્વારા સુરક્ષાના મજબૂત આયોજન કરવામાં આવ્યા છે. કાવડ માર્ગો અને મુખ્ય મંદિરોની આસપાસ મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તેમજ પેરામિલિટરી ફોર્સના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. મહિલા શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે મહિલા પોલીસકર્મીઓની પણ ખાસ ડ્યુટી લગાવવામાં આવી છે.

સુરક્ષા ઉપરાંત ભક્તોની સુવિધા માટે મેડિકલ કેમ્પ, પીવાના પાણી, ભોજન અને આરામની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તંત્ર દ્વારા ભીડને નિયંત્રિત કરવા અને શ્રદ્ધાળુઓને સરળતાથી મંદિર સુધી પહોંચાડવા માટે વિવિધ સ્થળોએ વ્યવસ્થા કરવામાં આવી છે. લગભગ ૧૫ દિવસથી ચાલી રહેલી કાવડ યાત્રા દરમિયાન દેશના વિવિધ ભાગોમાંથી શ્રદ્ધાળુઓ હરિદ્વાર પહોંચ્યા હતા. ગંગાજળ ભર્યા બાદ કાવડિયા પોતાના શહેરો અને ગામો તરફ પરત ફરી રહ્યા છે. તેમની અવરજવર સરળ રહે અને સામાન્ય વાહનવ્યવસ્થા પણ જળવાઈ રહે તે માટે અનેક માર્ગો પર ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવ્યું છે. કેટલાક વિસ્તારોમાં જરૂરી પ્રતિબંધો પણ લાગુ કરવામાં આવ્યા છે.

શિવરાત્રિના અવસરે મોટી સંખ્યામાં ભક્તો મંદિરોમાં પહોંચી રહ્યા છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે પૂરતો પોલીસ બંદોબસ્ત અને પેરામિલિટરી ફોર્સ તૈનાત કરવામાં આવી છે.

દેશભરમાં ૩૦ જુલાઈથી કાવડ યાત્રાની શરૂઆત થઈ હતી અને શ્રાવણ શિવરાત્રિના દિવસે યાત્રાનું સમાપન થઈ રહ્યું છે. યાત્રાના અંતિમ દિવસે દેશભરના શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. હરિદ્વારમાં ગંગાજળ લઈને આવેલા કાવડિયાઓ દ્વારા ભગવાન શિવનો જળાભિષેક કરવામાં આવી રહ્યો છે. સમગ્ર વાતાવરણ હર-હર મહાદેવ અને બમ-બમ ભોલેના જયઘોષથી ગુંજી ઉઠ્યું છે.

૨૪ વર્ષનું શાસન, ગૃહયુદ્ધ અને માનવતા વિરુદ્ધના ગુના

દમાસ્કસની કોર્ટે પૂર્વ સીરિયન રાષ્ટ્રપતિ અસદને મૃત્યુદંડ ફટકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

દમાસ્કસ, તા.૧૧

સીરિયાના પૂર્વ રાષ્ટ્રપતિ બશર અલ-અસદને દમાસ્કસની એક અદાલતે મૃત્યુદંડની સજા ફટકારી છે. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ આવેલા આ ચુકાદામાં અસદને પૂર્વઆયોજિત હત્યા, ટોર્ચર, મનસ્વી ધરપકડ અને માનવતા વિરુદ્ધના ગુનાઓ સાથે જોડાયેલા કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ કાર્યવાહી સીરિયાના લગભગ ૧૪ વર્ષ લાંબા ગૃહયુદ્ધ દરમિયાન થયેલા ગંભીર ગુનાઓ સાથે સંબંધિત છે.

અસદ ડિસેમ્બર ૨૦૨૪માં સત્તા પરથી હટ્યા બાદ પરિવાર સાથે રશિયા ભાગી ગયા હતા અને હાલમાં મોસ્કોમાં રહે છે. તેથી તેમની સામેની કાર્યવાહી તેમની ગેરહાજરીમાં કરવામાં આવી હતી. આ ચુકાદો સીરિયાની નવી અંતરિમ સત્તા દ્વારા પૂર્વ શાસનના ઉચ્ચ અધિકારીઓ સામે ચાલી રહેલી ટ્રાન્ઝિશનલ જસ્ટિસ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

કોર્ટના ચુકાદામાં અસદના ભાઈ મહેર અલ-અસદ અને પિતરાઈ ભાઈ અતેફ નજીબને પણ મૃત્યુદંડ આપવામાં આવ્યો છે. અતેફ નજીબ સીરિયાના ડેરા પ્રાંતમાં રાજકીય સુરક્ષા વિભાગના પૂર્વ વડા હતા અને ૨૦૧૧માં સરકાર વિરોધી આંદોલનના શરૂઆતના તબક્કામાં થયેલા દમન સાથે તેમનું નામ જોડાયેલું હતું. નજીબની સુનાવણી કોર્ટમાં હાજરી સાથે થઈ હતી, જ્યારે અસદ અને મહેર સામે કાર્યવાહી ગેરહાજરીમાં કરવામાં આવી હતી. બશર અલ-અસદે વર્ષ ૨૦૦૦માં તેમના પિતા હાફેઝ અલ-અસદ બાદ સીરિયાની સત્તા સંભાળી હતી. ૨૦૧૧માં ડેરાથી શરૂ થયેલા સરકાર વિરોધી પ્રદર્શનોને સુરક્ષા દળો દ્વારા દબાવવાના પ્રયાસો બાદ દેશમાં વ્યાપક સંઘર્ષ ફાટી નીકળ્યો હતો. લગભગ ૧૪ વર્ષ ચાલેલા આ યુદ્ધમાં લાખો લોકોના મોત થયા અને મોટી સંખ્યામાં લોકો વિસ્થાપિત થયા.

અસદ સરકાર પર હત્યા, ગેરકાયદેસર ધરપકડ, ટોર્ચર, બળજબરીથી લોકોને ગાયબ કરવા અને નાગરિક વિસ્તારોમાં હુમલા સહિતના ગંભીર આરોપો લાંબા સમયથી લાગતા રહ્યા છે.

અસદને મૃત્યુદંડની સજા મળ્યા બાદ દમાસ્કસના પેલેસ ઓફ જસ્ટિસની બહાર લોકો એકત્ર થયા હતા અને ચુકાદાની ઉજવણી કરી હતી. ખાસ કરીને ડેરા વિસ્તારમાં પણ આ નિર્ણયને ૨૦૧૧ના બળવા સાથે જોડાયેલા લોકો માટે મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે. જોકે, અસદ રશિયામાં હોવાથી આ સજા તાત્કાલિક અમલમાં આવશે કે નહીં તે મોટો પ્રશ્ન છે. કાનૂની નિષ્ણાતોના મતે ચુકાદો ઐતિહાસિક છે, પરંતુ અસદને વાસ્તવમાં કોર્ટ સમક્ષ લાવવાની પ્રક્રિયા રશિયાના સહકાર પર નિર્ભર રહેશે.

અદાણી સામેનો ન્યૂયોર્ક કોર્ટનો ફોજદારી કેસ કાયમી ધોરણે રદ કરાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

અમદાવાદ, તા.૧૧

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીને અમેરિકામાં મોટી કાનૂની રાહત મળી છે. ન્યૂયોર્કની ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટએ અમેરિકી ન્યાય વિભાગ (DoJ)ની અરજી સ્વીકારી ગૌતમ અદાણી અને અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણી સામે દાખલ કરાયેલા ફોજદારી કેસને કાયમી ધોરણે રદ કરી દીધો છે. અમેરિકી કાનૂની ભાષામાં તેને 'વિથ પ્રેજ્યુડિસ' મતલબ કે આ જ આરોપોના આધારે હવે ફરીથી ગુનાહિત કાર્યવાહી શરૂ કરી શકાશે નહીં. આ નિર્ણય સાથે લગભગ બે વર્ષથી ચાલતી કાનૂની અનિશ્ચિતતાનો અંત આવ્યો છે.

કોર્ટના નિર્ણય બાદ ગૌતમ અદાણીએ તેને ''સત્યની જીત'' ગણાવી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તેમણે જણાવ્યું કે, કોર્ટના નિર્ણયનું તેઓ નમ્રતા અને ન્યાયિક પ્રક્રિયા પ્રત્યે ઊંડા સન્માન સાથે સ્વાગત કરે છે. તેમણે કહ્યું કે, પડકારજનક સમયગાળા દરમિયાન પણ સત્ય, નિષ્પક્ષતા અને કાયદાના શાસન પ્રત્યે તેમનો વિશ્વાસ અડગ રહ્યો હતો. તેમણે તેમના પર, વ્યવસ્થા પર અને ભારતની ન્યાયિક ક્ષમતા પર વિશ્વાસ રાખનારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

કોર્ટએ વિસ્તૃત સમીક્ષા બાદ મંજૂરી આપી

અમેરિકી ન્યાય વિભાગની અરજી સ્વીકારતા અગાઉ કોર્ટએ સમગ્ર મામલાની વિગતવાર સમીક્ષા કરી હતી. ન્યાયાધીશ નિકોલસ જી. ગરોફિસે DoJને કેસ પરત ખેંચવાના કારણો જાહેર કરવા જણાવવા સાથે જ ગૌતમ અદાણી અને સાગર અદાણી પાસેથી એફિડેવિટ દાખલ કરાવી એ સુનિશ્ચિત કર્યું હતું કે કેસ રદ કરવા બદલ કોઈ વચન, લાભ, સોદો કે ગુપ્ત સમજૂતી કરવામાં આવી નથી.

ન્યાયાધીશે નોંધ્યું હતું કે, અદાણી ગ્રુપની રોકાણ પ્રતિબદ્ધતાનો DoJના નિર્ણય પર કોઈ પ્રભાવ પડ્યો હોવાનો આધાર મળ્યો નથી. અને તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, આવા મામલાઓમાં કોર્ટની ભૂમિકા મર્યાદિત હોય છે.

DoJનું મંતવ્ય: કાર્યવાહી ચાલુ રાખવી ન્યાયહિતમાં નહીં

કેસની સમીક્ષા બાદ અમેરિકી ન્યાય વિભાગે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આ કેસ આગળ વધારવો હવે ન્યાયના હિતમાં નથી. વિભાગે અધિકારક્ષેત્ર સંબંધિત પડકારો, ઉપલબ્ધ પુરાવાઓની સ્થિતિ, કથિત ઘટનાઓનો મુખ્યત્વે ભારત સાથેનો સંબંધ, ભારતીય સત્તાધીશો દ્વારા થયેલી તપાસ, રોકાણકારોને કોઈ સ્પષ્ટ નુકસાન ન થવું અને વ્યાપક જાહેર હિત જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો. વિભાગે એમ પણ જણાવ્યું હતું કે, નવેમ્બર ૨૦૨૪માં જાહેર કરાયેલા આ આરોપપત્રની ટ્રાયલ સુધી પહોંચવાની વાસ્તવિક શક્યતા ખૂબ ઓછી હતી.

ટ્રાયલ પહેલાં જ પ્રક્રિયા પૂર્ણ

આ સમગ્ર કાનૂની પ્રક્રિયા ટ્રાયલ શરૂ થાય તે પહેલાં જ પૂર્ણ થઈ ગઈ હતી. કોઈ સાક્ષીઓના નિવેદનો નોંધાયા નહીં, કોઈ પુરાવાની અદાલતમાં ચકાસણી થઈ નહીં અને મૂળ આરોપો અંગે કોઈ ન્યાયિક નિષ્કર્ષ પણ આપવામાં આવ્યો નહીં. અદાલતી દસ્તાવેજો અનુસાર, આ વર્ષે ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન લગભગ ૧૦ અઠવાડિયાંમાં ગૌતમ અદાણીની કાનૂની ટીમે DoJ તથા અમેરિકી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) સમક્ષ લગભગ ૬૦૦ પાનાંના કાનૂની તર્ક, નિષ્ણાતોના અભિપ્રાયો અને રજૂઆતો દાખલ કરી હતી.

બચાવ પક્ષે અમેરિકી સિક્યોરિટીઝ કાયદાઓના અમેરિકાની બહાર અમલના કાનૂની આધાર પર પ્રશ્નો ઉઠાવી લાંચ સંબંધિત આરોપોને પડકાર્યા હતા અને ટ્રાયલમાં કેસ સફળ થવાની સંભાવના અત્યંત ઓછી હોવાની રજૂઆત કરી હતી. આ માટે અમેરિકા અને ભારતના અગ્રણી કાનૂની, નિયમનકારી અને ટેકનિકલ નિષ્ણાતોના અભિપ્રાયોનો પણ આધાર લેવાયો હતો.

લગભગ બે વર્ષની અનિશ્ચિતતાનો અંત

આ કેસ એવા સમયે વૈશ્વિક ચર્ચામાં રહ્યો હતો જ્યારે અદાણી ગ્રુપ પર ખાસ નજર રાખવામાં આવી રહી હતી. તે સમયગાળા દરમિયાન ગ્રુપે બજાર મૂલ્યમાં થયેલા મોટા ઘટાડામાંથી પણ નોંધપાત્ર પુનઃપ્રાપ્તિ કરી હતી.

હવે કેસ કાયમી ધોરણે રદ થઈ જતાં ગૌતમ અદાણી અ

અચાનક ધસી પડી ઈમારતો, ચારેબાજુ ચીસાચીસ!

કોલંબિયામાં ભૂકંપ બાદ ૧૩૨ના મોત, ૬ એરપોર્ટ પર ફ્લાઈટ્સ ઠપ

ભૂકંપનું કેન્દ્ર બોગાટાથી લગભગ ૪૦૦ કિલોમીટર પશ્ચિમમાં સાન જોસ ડેલ પાલ્મર નજીક હતું, ભૂકંપની તીવ્રતા ૬.૬ નોંધાઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

કોલંબિયા, તા.૧૧

દક્ષિણ અમેરિકાના દેશ કોલંબિયામાં સોમવારે આવેલા તીવ્ર ભૂકંપે ભારે વિનાશ નોતર્યો છે. કોલંબિયાના પશ્ચિમી વિસ્તારમાં આવેલા ૭.૪ની તીવ્રતાના આ ભૂકંપમાં મૃત્યુઆંક વધીને ૧૩૨ પર પહોંચી ગયો છે, જ્યારે ૫૭૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાની સત્તાવાર પુષ્ટિ કોલંબિયા સરકારે કરી છે. કુદરતી હોનારતની આ ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે કોલંબિયા સરકારે સોમવારે જ દેશમાં 'રાષ્ટ્રીય આપત્તિ' જાહેર કરી દીધી હતી.

કોલંબિયાના પ્રમુખે બોગોટાથી માહિતી આપતા જણાવ્યું હતું કે, આ શક્તિશાળી ભૂકંપને કારણે દેશભરમાં ૧,૫૭૫ મકાનોને ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત, દેશના ૬ એરપોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નુકસાન થતાં તમામ કોમર્શિયલ ફ્લાઈટ્સનું ઓપરેશન તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવ્યું છે. આ ભૂકંપની અસર રાજધાની બોગાટામાં જ નહીં પરંતુ પડોશી વેનેઝુએલા અને ઈક્વાડોરમાં પણ જોવા મળી હતી.

કોલંબિયાના નેશનલ યુનિટ ફોર ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ અનુસાર, ભૂકંપનું કેન્દ્ર બોગાટાથી લગભગ ૪૦૦ કિલોમીટર પશ્ચિમમાં સાન જોસ ડેલ પાલ્મર નજીક હતું. ભૂકંપની તીવ્રતા ૬.૬ નોંધાઈ હતી. અધિકારીઓ હાલમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે.

પ્રારંભિક અહેવાલો દર્શાવે છે કે, ઘણી ઈમારતોને માળખાકીય નુકસાન અને કેટલાક સ્થળોએ લોકોને ઈજાઓ થઈ છે. ચોકોના ગવર્નર નુબિયા કેરોલિના કોર્ડોબા કુરીએ પુષ્ટિ કરી છે કે ભૂકંપને કારણે અનેક લોકો ઘાયલ થયા છે. પ્રાંતીય એજન્સીઓ ભૂકંપ પછી

રાજધાની ક્વિબ્ડોમાં પણ ઈમારતોને નુકસાન થયું હોવાના અહેવાલ છે. આ ઉપરાંત અધિકારીઓએ લોકોને આફ્ટરશોક અંગે સતર્ક રહેવાની સલાહ આપી છે.

સ્થાનિક સત્તાવાળાઓ અને આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ ભૂકંપ પછી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે. આ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈમારતો અને માળખાગત સુવિધાઓને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે નિરીક્ષણ ચાલી રહ્યું છે.

હાલમાં, વહીવટીતંત્ર નુકસાન અને ઘાયલો અંગે વધુ માહિતી એકત્રિત કરી રહ્યું છે.

અમેરિકાએ ૨૦ યુદ્ધજહાજો ગોઠવીને હોર્મુઝની મોટાપાયે ઘેરાબંધી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે, તેઓએ મધ્યપૂર્વમાં ૨૦થી વધુ યુદ્ધજહાજ ગોઠવ્યા છે. આ પગલું વોશિંગ્ટન દ્વારા ઈરાન પર ઘેરાબંધી વધુ આકરી બનાવવાના ભાગરૂપે ઉઠાવવામાં આવ્યું છે. આ ગોઠવણી હોર્મુઝની આસપાસ વધતા તણાવને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.

ઈરાનની સ્પષ્ટ માંગ છે કે, હોર્મુઝ ખોલવી હોય તો અમારી માંગો માનો.

સેન્ટકોમ મુજબ અમેરિકન નૌકાદળના વિધ્વંસક યુએસએસ રોસ પર સવાર ખલાસીઓ પણ આ વિસ્તારમાં ગોઠવાયેલા દળોનો હિસ્સો છે. કમાન્ડે જણાવ્યું હતું કે, આ યુદ્ધજહાજ લશ્કરી મિશનોનું સમર્થન કરી રહ્યા છે. તેમા ઈરાન સામે અમેરિકાની ઘેરાબંધી વધુ ચુસ્ત રીતે કરવાનો સમાવેશ થાય છે.

અમેરિકન લશ્કરી કમાન્ડે જણાવ્યું હતું કે, નવ ઓગસ્ટ સુધી સેંટકોમે ૫૫ વેપારી જહાજોને બીજા માર્ગ તરફ વાળી દીધા છે. બે જહાજને રોક્યા છે અને બાકીના બેને રોકીને તેની પાસેથી નિયમપાલન સુનિશ્ચિત કરાવ્યું છે. આ ગોઠવણી તેવા સમયે થઈ છે જ્યારે ઈરાન અને ઓમાન એક સમજૂતી નજીક પહોંચી ગયા છે. તેમા હોર્મુઝમાંથી પસાર થતી નવી શિપિંગ લેન બની શકે છે.

ઈરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે, હોર્મુઝ પર ઓમાન સાથે સમજૂતી અંતિમ તબક્કામાં છે. જો કે ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે, હોર્મુઝને સંપૂર્ણપણે ખોલવી તે અમેરિકા ઈરાનની માંગોને પૂરી કરે તેના પર નિર્ભર રહેશે. ઈરાનને અમેરિકન હુમલામાં થયેલા નુકસાનનું વળતર, પ્રતિબંધો અને લશ્કરી ધમકીઓ આપવાનું ખતમ કરવું અને ખાડીમાં અમેરિકન લશ્કરની ઘેરાબંધી ખતમ કરવાનો સમાવેશ થાય છે.

તેની સામે અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે, અમેરિકાની કોઈપણ કાર્યવાહી ઈરાન પોતે આપેલું વચન પાળે તે સાથે જોડાયેલી હશે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા-ઈરાન વચ્ચે સીધી વાતચીત થઈ રહી નથી, મધ્યસ્થીઓની મદદથી વાતચીત થઈ રહી છે.

ટ્રમ્પની ગુપ્ત ફ્લાઇટ બદલાઈ : ઈરાનની ધમકી વચ્ચે તુર્કીથી પરત ફરતી વખતે સુરક્ષા કારણોસર વિમાન બદલાયું હોવાનો અહેવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષાને લઈને એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. અહેવાલો અનુસાર, તુર્કીથી અમેરિકા પરત ફરતી વખતે ઈરાન તરફથી સંભવિત સુરક્ષા ખતરો હોવાના કારણે ટ્રમ્પની મુસાફરીમાં ગુપ્ત રીતે ફેરફાર કરવામાં આવ્યો હતો.

ગંભીર જોખમને ધ્યાનમાં રાખીને તેમને મોટા એરફોર્સ વન વિમાનમાંથી નાના લશ્કરી વિમાનમાં શિફ્ટ કરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ સમગ્ર ઘટનાની માહિતી અમેરિકન અખબાર વોશિંગ્ટન પોસ્ટના અહેવાલમાં સામે આવી હોવાનું જણાવાયું છે. અહેવાલ મુજબ, ૮ જુલાઈએ નાટો સમિટમાં ભાગ લીધા બાદ ટ્રમ્પ અંકારાથી પરત ફરી રહ્યા હતા. તેઓ સત્તાવાર રીતે એરફોર્સ વનમાં સવાર થયા હતા, પરંતુ ત્યારબાદ અત્યંત ગુપ્ત રીતે તેમની મુસાફરીમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે એરફોર્સ વનમાં સવાર થયા બાદ ટ્રમ્પને થોડા સમયની અંદર ગુપ્ત રીતે વિમાનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. સુરક્ષા વ્યવસ્થા હેઠળ તેમને કેટરિંગ કન્ટેનર અથવા ટ્રક મારફતે એરપોર્ટના બીજા ભાગમાં લઈ જવામાં આવ્યા હોવાનો દાવો છે. ત્યારબાદ તેમને નાના લશ્કરી વિમાનમાં બેસાડવામાં આવ્યા હતા. આ વિમાન દ્વારા ટ્રમ્પને સુરક્ષિત રીતે બ્રિટન પહોંચાડવામાં આવ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

સમગ્ર પ્રક્રિયા એટલી ગુપ્ત રાખવામાં આવી હતી કે, મીડિયા સહિત ઘણા લોકોને લાંબા સમય સુધી ટ્રમ્પ એરફોર્સ વનમાં જ મુસાફરી કરી રહ્યા હોવાનો ભ્રમ રહ્યો હતો.

આ મુસાફરી દરમિયાન એરફોર્સ વનમાં સવાર પત્રકારોને બારીના પડદા બંધ રાખવાની સૂચના આપવામાં આવી હતી. આવી અસામાન્ય સુરક્ષા વ્યવસ્થા અંગે પણ અનેક સવાલો ઊભા થયા છે.

અહેવાલો અનુસાર, આ પ્રકારની સાવચેતી સામાન્ય રીતે ગંભીર સુરક્ષા જોખમ અથવા સંવેદનશીલ હવાઈ ક્ષેત્રમાંથી પસાર થતી વખતે રાખવામાં આવે છે.

જોકે, અમેરિકી વહીવટીતંત્ર દ્વારા આ સમગ્ર ગુપ્ત ઓપરેશન અંગે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. અગાઉ પણ અમેરિકન મીડિયા અહેવાલોમાં ઈરાન સમર્થિત જૂથો તરફથી ટ્રમ્પ સામે સંભવિત ખતરાને કારણે તેમની મુસાફરીની સુરક્ષા વ્યવસ્થામાં ફેરફાર કરાયા હોવાના દાવા કરવામાં આવ્યા છે.

આ ઘટનાએ અમેરિકી રાષ્ટ્રપતિની સુરક્ષા વ્યવસ્થા અને વિદેશ પ્રવાસ દરમિયાન સંભવિત આતંકી ખતરાને લઈને ચર્ચા વધુ તેજ કરી છે.

અમેરિકાના ગૃહ મંત્રાલયનો નવો નિયમ : કંપનીઓએ એચ-૧બી, એલ-૧ના વિઝા લંબાવવા માટે વધારાની ફી ચૂકવવી પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકાના હોમલેન્ડ અને સિક્યોરિટી ડિપાર્ટમેન્ટે એચ-૧બી અને એલ-૧ કેટેગરીના વિઝા એક્સટેન્શન માટે ફી વધારી દીધી છે. ભારત સહિતની આઈટી કંપનીઓ પર આ ફી વધતા વધારાનું આર્થિક ભારણ આવશે. પહેલાં આ ફી શરૂઆતની નોકરી વખતે અથવા તો કંપની બદલે ત્યારે જ આપવી પડતી હતી. હવે દરેક એક્સટેન્શનમાં અમેરિકન સરકાર ફી વસૂલશે.

અમેરિકન સરકારે અપડેટ કરેલા નવા નિયમ પ્રમાણે એચ-૧બી અને એલ-૧એ, એલ-૧બી કેટેગરીના વિઝા મેળવીને જે કર્મચારીઓ કાર્યરત છે તેમને એક્સટેન્શન વિઝા માટે અલગથી ફી ચૂકવવી પડશે. ૯-૧૧ રિસ્પોન્સ અને બાયોમેટ્રિક્સ એન્ટી-એક્ઝિટ માટે એક્સટેન્શન વખતે પણ એચ-૧બી વિઝા માટે ૪૦૦૦ અને એલ-૧ની કેટેગરી માટે ૪૫૦૦ ડોલરની ફી ચૂકવવાનો નવો નિયમ આવતા મહિને લાગુ પડશે. તેનાથી ભારતીય કંપનીઓ પર વધારાનું આર્થિક ભારણ આવશે. અત્યાર સુધી કર્મચારી કંપની બદલે ત્યારે નવા એમ્પ્લોયરે આ પ્રકારની ફી ચૂકવવી પડતી હતી. અથવા તો પહેલી વખત શરૂઆતમાં જ્યારે નોકરી આપવામાં આવે ત્યારે ફી વસૂલાતી હતી. એક્સટેન્શન વખતે આ ફી લેવામાં આવતી ન હતી. ગૃહ અને સુરક્ષા મંત્રાલયના એક નિવેદનમાં કહેવાયું હતું કે ૫૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી કંપનીઓ કે જેમાં ૫૦ ટકા સ્ટાફ સ્થાનિક હશે એ તમામને આ નિયમ લાગુ પડશે. આ બાબતે એવી પણ રજૂઆત થઈ હતી કે જો તેમની કંપનીઓ એક્સટેન્શન આપવા તૈયાર હોય, પરંતુ ફી આપવાની તૈયારી ન હોય તો આ એક્સ્ટ્રા ફી કર્મચારીઓ આપી દેશે. પરંતુ ડિપાર્ટમેન્ટે આ રજૂઆત ફગાવી દીધી હતી. ડિપાર્ટમેન્ટે કહ્યું હતું કે, નિયમ પ્રમાણે ફીની રકમ કંપનીઓએ જ આપવી પડશે. કંપનીઓ પર આ પ્રકારનો આર્થિક બોજ લાદીને અમેરિકન સરકાર વિદેશી પ્રોફેશ્નલ્સને એક્સટેન્શન ન મળે તે માટે આડકતરું દબાણ કરે છે. ફી ચૂકવવાનું ન પરવડે એ કંપનીઓ સ્થાનિક કર્મચારીઓને નોકરી રાખે એવો ટ્રમ્પ સરકારનો વ્યૂહ છે.

મૂવી ટચ

'જેન-ઝી પાસેથી કંઈક શીખો'

યશસ્વી જયસ્વાલ સાથે ડેટિંગની અફવાઓ પર મૃણાલ ઠાકુરે મૌન તોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

જાણીતા અભિનેત્રી મૃણાલ ઠાકુર છેલ્લા કેટલાક દિવસોથી એક અફવાને લઈને ચર્ચામાં રહી હતી. મૃણાલનું નામ અત્યાર સુધીમાં અનેક કલાકારો સાથે જોડાઈ ચૂક્યું છે પરંતુ હદ તો ત્યારે થઈ જ્યારે લોકોએ તેનું નામ ભારતીય ક્રિકેટર યશસ્વી જયસ્વાલ સાથે જોડાવવાનું શરૂ કર્યું હતું. એક વાયરલ વિડિયોમાં બાંદ્રા સ્થિત એક કેફેમાં જ્યારે બંને જોવા મળ્યા ત્યારે તેમના ડેટિંગની ખબર સામે આવી હતી. બંને એક જ કેફેમાંથી બહાર નીકળતા જોઈ સોશિયલ મીડિયા પર અફવાઓએ જોર પકડ્યું હતું કે, બંને વચ્ચે કોઈ ચક્કર છે, પરંતુ હવે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપતા મૃણાલે સ્પષ્ટતા કરીને તેમના વચ્ચે કંઈ નથી એ વાત પર પૂર્ણવિરામ લગાવ્યું હતું.

યશસ્વી જયસ્વાલ સાથે નામ જોડાવવા અંગે પ્રતિક્રિયા આપતા મૃણાલે લખ્યું હતું કે, 'ભાઈ શાંત થઈ જાઓ, મને બતાવો કે અમે સાથે ક્યાં હતા? તમે આટલા શિક્ષિત લોકો આવી અફવાઓ પર ધ્યાન આપો છો? દેશમાં બીજું ઘણું ચાલી રહ્યું છે. જેન-ઝી પાસેથી કંઈક શીખો અને જે સાચા મુદ્દા છે તેના પર વીડિયો બનાવો, જેથી વધારે વ્યૂઝ પણ મળશે.'

મૃણાલ ઠાકુરનું સાઉથના એક્ટર ધનુષ સાથે પણ નામ જોડાયેલું હતું. ઓગસ્ટ ૨૦૨૫ માં 'સન ઓફ સરદાર ૨' ના પ્રીમિયરમાં મૃણાલ અને ધનુષને એકબીજાને હૂંફ સાથે મળતાં જોતા તેમના વચ્ચેના અફેરની ચર્ચા શરૂ થઈ હતી. આખરે આ અફવાઓ પર પણ મૃણાલે સ્પષ્ટતા કરી હતી અને તેણે જણાવ્યું હતું કે તે બંને વચ્ચે ફક્ત એક પ્રોફેશનલ સબંધ છે. અગાઉ મૃણાલનું નામ ક્રિકેટર શ્રેયસ અય્યર અને રેપર બાદશાહ સાથે પણ જોડાયેલું હતું. અન્ય નામોથી વિરુદ્ધ મૃણાલ ઠાકુર અને લેખક શરદ ચંદ્ર ત્રિપાઠીનો સબંધ ફક્ત અફવા નહોતો. તે બંને એકબીજાને ડેટ કરી રહ્યા હતા અને બંનેએ 'નચ બલિયે ૭'માં સાથે ભાગ લીધો હતો. દરમિયાન બંનેએ પોતાના સબંધ વિશે વાત કરતા આશા વ્યક્ત કરી હતી કે તેમના પરિવાર તેમને સ્વીકારી લેશે, પરંતુ અંતે આ સબંધનો પણ અંત આવ્યો હતો. થોડા દિવસોથી મૃણાલ પોતાની એક પોસ્ટને લઈને ચર્ચામાં રહી હતી. આ પોસ્ટમાં મૃણાલે તે લોકોને ચેતવણી આપી હતી જેઓ તેમની તસ્વીરો અને તેમના અવાજ સાથે છેડછાડ કરે છે અને તેમનો ડીપફેક વિડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરે છે. અભિનેત્રીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ તસવીરો કે અવાજનો દુરુપયોગ થશે તો તે એવા લોકો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરશે.

દયા નાયકની બાયોપિકમાં હર્ષવર્ધન રાણેની પસંદગી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

મુંબઈના એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ તરીકે જાણીતાં દયા નાયકના જીવન પર આધારીત 'પોલીસ કંપની' ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે હર્ષવર્ધન રાણેની પસંદગી કરવામાં આવી છે. આ ફિલ્મનું ડિરેક્શન રામ ગોપાલ વર્મા કરી રહ્યો છે. રામ ગોપાલ વર્માની અગાઉ મુંબઈની અંધારી આલમ કેન્દ્રિત ફિલ્મો 'કંપની' અને 'ડી કંપની' બાદ હવે 'પોલીસ કંપની' ફિલ્મ આવશે. જો કે આ ફિલ્મને અગાઉની બંને ફિલ્મો સાથે કોઈ સીધો સંબંધ નથી.

રસપ્રદ બાબત એ છે કે બે દાયકા અગાઉ ૨૦૦૪માં આવેલી રામ ગોપાલ વર્માની ફિલ્મ 'અબ તક છપ્પન' દયા નાયકની કારકિર્દીથી પ્રેરિત હતી. જેમાં નાના પાટેકરે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટના ત્રીજા અઠવાડિયાથી શરૂ થઈ જશે. ફિલ્મમાં મેંગ્લોરના નાનકડાં ગામમાં જન્મેલાં દયા નાયક મુંબઈ પોલીસમાં એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ તરીકે કેવી રીતે સંગઠિત ગુનાખોરીને ડામવામાં સફળ થયા તેની કહાની રજૂ કરવામાં આવશે.

વાઈરલ ફોટોઝ જોઈને ફેન્સ થયા પાણી પાણી...

બનારસી સાડી અને ડાયમંડ નેકલેસમાં સચિન તેંડુલકરની પુત્રીનો રોયલ અંદાજ!

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ભારતના મહાન પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરની લાડકવાયી દીકરી સારા તેંડુલકર અવારનવાર પોતાની સ્ટાઈલ અને ગ્લેમરસ લુકને કારણે ચર્ચામાં રહે છે. ચાહે કોઈ ઈવેન્ટ હોય કે ફંક્શન, તે પોતાની સુંદરતાથી ફેન્સનું ધ્યાન ખેંચવામાં હંમેશા સફળ રહે છે. હવે સારા એકવાર ફરી પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરેલા અત્યંત રોયલ અને ક્લાસી લુકને કારણે લાઈમલાઈટમાં આવી ગઈ છે.

સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહેતી સારા તેંડુલકરે તાજેતરમાં જ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ આઈડી પર પોતાના સુંદર ફોટોઝ શેર કર્યા છે, જેમાં તે પેસ્ટલ ગ્રીન રંગની 'કત્થન સિલ્ક બનારસી હેન્ડલૂમ' સાડીમાં નજરે પડે છે. આ સાડી સાથે તેણે ઓફ-વાઈટ ખ્યોર સેટિન સિલ્ક અને ઓર્ગેન્ઝા સિલ્કમાંથી તૈયાર કરેલું 'કોર્સેટ-સ્ટાઈલ' બ્લાઉઝ પેર કર્યું છે. તેનું આ કોમ્બિનેશન ટ્રેડિશનલ અને મોર્ડન ફેશનનું અદ્ભુત મિશ્રણ પૂરું પાડે છે. સાડી અને બ્લાઉઝનું ડિઝાઈનિંગ જાણીતી બ્રાન્ડ 'તિલ્ફી' દ્વારા કરવામાં આવ્યું છે.

સારાએ પોતાના આ લુકને વધારે ખાસ અને રોયલ બનાવવા માટે સારાએ સ્ટેટમેન્ટ ડાયમંડ નેકલેસ અને મેચિંગ કફ બ્રેસલેટ પહેર્યું છે. તેણે સોફ્ટ ગ્લેમરસ લુક માટે મિનિમલ મેકઅપ પસંદ કર્યો છે અને વાળને લો-બન સ્ટાઈલમાં બાંધીને આગળ થોડી લટો ખુલ્લી રાખી છે. હાથમાં ફુલોનો ગુલદસ્તો પકડીને તેણે આપેલા સ્ટાઈલિશ પોઝ પર ફેન્સ આફરીન થઈ ગયા છે. સારા તેંડુલકરના આ રોયલ સાડી લુકના ફોટોઝ સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. તેની ક્યુટ સ્માઈલ અને એલિગન્ટ અંદાજ પર ફેન્સ મન મૂકીને લાઈક્સ અને કમેન્ટ્સ વરસાવી રહ્યા છે. તમે પણ આ વાઈરલ પોસ્ટ ના જોઈ હોય તો અત્યારે જ જોઈ લો.

ઈ૨૦ અંગે સિંગરે સવાલ ઊઠાવ્યા

'હું તો ૩,૫૦૦નું પણ ભરાવી લઈશ પણ સામાન્ય લોકોનું શું'

આ પહેલાં ૨૩ જુલાઈએ પણ રેશમ સિંહે એક વીડિયો શેર કરીને ઈ૨૦ ઓઇલ પર સવાલો ઉઠાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પંજાબી સિંગર રેશમ સિંહ અનમોલ તાજેતરમાં E20 (ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલ મુદ્દે ફરી ચર્ચામાં છે. અગાઉ તેણે આક્ષેપ કર્યો હતો કે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના કારણે તેની લક્ઝરી ડિફેન્ડર SUV કાર ચાલુ રસ્તે બંધ પડી ગઈ હતી. હવે તેના એક નવા વાઇરલ વીડિયોમાં તે સરકાર પાસે ખ્યોર એટલે કે પ્રીમિયમ ઓઈલના ભાવ ઘટાડવાની માંગ કરે છે. તેનું માનવું છે કે મોંઘા પ્રીમિયમ પેટ્રોલની કિંમતો સામાન્ય વાહનચાલકોના ખિસ્સા પર ભારે પડે છે, તેથી સરકારે તેના ભાવ વાજબી કરવા જોઈએ જેથી સામાન્ય માણસ પણ સરળતાથી ખ્યોર પેટ્રોલ ભરાવી શકે.

હરિયાણાના રહેવાસી રેશમ સિંહ અનમોલે ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયોમાં તે એક પેટ્રોલ પંપ પર પહોંચે છે અને કર્મચારી પાસે 'XP100' પ્રીમિયમ ઓઈલ માંગે છે. પોતાની ડિફેન્ડર SUVમાં 13,000નું 'XP100' પ્રીમિયમ ઓઈલ ભરાવ્યા બાદ રેશમ સિંહે કહ્યું, 'ભગવાનનો આભાર કે પ્રીમિયમ પેટ્રોલ મળી ગયું. મને સતત લોકોના મેસેજ આવી રહ્યા છે કે E20 ઓઈલના કારણે ગાડીઓનું માઈલેજ ઘટી રહ્યું છે. XP100 ખૂબ જ મુશ્કેલીથી મળી રહ્યું છે જેની કિંમત 167 પ્રતિ લીટર છે. હું તો 500 પ્રતિ લીટર પણ ભરાવી શકું છું, પરંતુ એક સામાન્ય માણસનું શું? હું સરકારને અપીલ કરું છું કે ખ્યોર ઓઈલની કિંમત ઓછી કરવામાં આવે અને દરેક પેટ્રોલ પંપ પર તેની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાય.'

આ પહેલાં 23 જુલાઈએ પણ રેશમ સિંહે એક વીડિયો શેર કરીને E20 ઓઈલ પર સવાલો ઉઠાવ્યા હતા. તેણે જણાવ્યું હતું કે, 'મારી ડિફેન્ડર SUV અચાનક રસ્તામાં બંધ પડી ગઈ હતી અને સર્વિસ સ્ટેશને તપાસ કરાવતાં કારનો ફ્યુઅલ પંપ ખરાબ થઈ ગયો હોવાનું સામે આવ્યું હતું, જેની પાછળ સાધારણ E20 ઓઈલને જવાબદાર છે.' ત્યારબાદ 28 જુલાઈએ બીજો વીડિયો રજૂ કરીને તેમણે દાવો કર્યો હતો કે, 'E20 ફ્યુઅલ વિશે અવાજ ઉઠાવવા બદલ મને ધમકીઓ મળી રહી છે અને કેટલાક લોકો મારા પર પ્રોપેગેન્ડા ફેલાવવાનો આરોપ લગાવી રહ્યા છે.' જોકે, તેમણે પોતાની ગાડીના રિપેરિંગનું બિલ બતાવીને તમામ આરોપો ફગાવી દીધા હતા.

હાલમાં દેશભરમાં E20 ઓઈલને લઈને વાહનચાલકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. મોટાભાગના લોકોની ફરિયાદ છે કે ઈથેનોલ મિશ્રિત ઓઈલના ઉપયોગ બાદ તેમના વાહનોનું માઈલેજ ઘટ્યું છે અને મેન્ટેનન્સનો ખર્ચ વધી ગયો છે. સરકારે પણ સંસદમાં સ્વીકાર્યું હતું કે જૂના વાહનોના માઈલેજમાં આશરે 6% સુધીનો ઘટાડો આવી શકે છે અને તેના કારણે વાહનોના રબર પાર્ટ્સ પણ ખરાબ થઈ શકે છે.

મહારાષ્ટ્ર સરકારનો મોટો નિર્ણય : નેશનલ હાઈવે રાઈટ ઓફ વે ઉપર નવી હોટલો રેસ્ટોરન્ટ ઢાબા પર પ્રતિબંધ

ગેરકાયદે બાંધકામો ૬૦ દિવસમાં દૂર કરવા કલેક્ટરનો આદેશ : હાઈવે ઓથોરીટી અને પીડબલ્યુડીની મંજુરી વગર લાયસન્સ નહીં મળે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

મહારાષ્ટ્ર સરકારે તા.૧૦ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવેલ શાસન પરિપત્ર મુજબ નેશનલ હાઈવે ઉપર રાઈટ ઓફ વે (આરઓડબલ્યુ) માં નવા ઢાબા રેસ્ટોરેન્ટ ખાણીપીણીના સ્થળો અને કોમર્શિયલ બાંધકામના નિર્માણ અને સંચાલન ઉપર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

સુપ્રિમ કોર્ટે ફાલોડી એક્સિડન્ટ વર્સેસ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા સહિતના કેસમાં ૧૩ એપ્રિલ, ૨૦૨૬ના આપેલ આદેશના કડક અમલ માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા તમામ મહાનગર પાલિકા, પાલિકા અને નગર પંચાયતોને સૂચના આપવામાં આવી છે. પરિપત્ર મુજબ હાઈવે રાઈટ ઓફ વે આવેલા નવા તેમજ હાલના અનાધિકૃત બાંધકામો ૬૦ દિવસની અંદર દૂર કરવાની જવાબદારી જિલ્લા પ્રશાસનની રહેશે. જિલ્લા મેજીસ્ટેટ દ્વારા કાયદાકીય પ્રક્રિયા ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના નક્કી કરાયા એચ.ઓ.પી. મુજબ કરવાની રહેશે. હાઈવે સેફટી ઝોનમાં કોઈપણ સ્થળ માટે લાયસન્સ એન.ઓ.સી.ટ્રેડ મંજુરી આપતા પહેલા હાઈવે ઓથોરીટી અને પીડબલ્યુડીની પૂર્વ મંજુરી ફરજીયાત કરવામાં આવી છે. જે જિલ્લામાં હાઈવે પસાર થાય છે. ત્યાં ડિસ્ટ્રીક્ટ હાઈવે સેફટી ટાસ્ક ફોર્સની રચના કરવાનો નિર્ણય લેવાયો છે. જેની જવાબદારી પોલીસ અને કલેક્ટરને સોંપવામાં આવી છે. અમલીકરણમાં હાઈવે મધ્યબિંદુથી રહેણાંક ઉપયોગ ૪૦ મીટર અને કોમર્શિયલ ૭૫ મીટર સુધીના ફેરફાર ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા છે.

વલસાડમાં લીલાપોર સરોણ રોડ વાહન વ્યવહાર માટે બંધ

તા.૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા વહીવટી તંત્રની સૂચના.

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૧

વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા જાહેર જનતાની સુરક્ષા અને ટ્રાફિક નિયમન માટે એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વલસાડ જિલ્લાના લીલાપોર સરોણ રોડની ચે.૧/૨ થી ૧/૪ પર આવેલ ડુબાઉ સ્ટ્રકચર તોડી પાડવામાં આવ્યું છે અને નવા સ્ટ્રક્ચરની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. ચોમાસાની ઋતુમાં ભારે વરસાદને કારણે આ માર્ગ પર પાણી ભરાઈ જવાથી કોઈ અકસ્માત ન સર્જાય તથા આમ જનતાના જાન-માલને કોઈ નુકસાન ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે વાહન વ્યવહાર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી કે.એસ.ડાભી દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) હેઠળ મળેલી સત્તાની રૂએ હુકમની તારીખથી તા. ૩૦/૦૯/૨૦૨૬ સુધી લીલાપોર સરોણ રોડ તમામ પ્રકારના વાહનાની અવરજવર માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે.

લોકોની સુવિધા માટે વાહન વ્યવહારને વૈકલ્પિક માર્ગો (ડાયવર્ઝન રૂટ) પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. લીલાપોર ને.હા.નં.૪૮ તરફના વાહન વ્યવહાર માટે ને.હા.નં.૪૮ તથા સરોધી ગામથી ને.હા.નં.૪૮થી પાલણ વિલેજ રોડનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ, લીલાપોર વિલેજ બાજુના વાહન વ્યવહાર માટે વલસાડ લીલાપોર રોડ તથા સરોધી ગામથી ને.હા.નં.૪૮થી પાલણ વિલેજ રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ દિશા દર્શાવતા બોર્ડ લગાવવાની જવાબદારી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ વલસાડની રહેશે. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમનો ભંગ થવા પર વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ નોંધવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

વાપીની ૪ વર્ષની ત્રિયાંશીએ સ્વિમિંગમાં બનાવ્યો ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

વાપીની ૪ વર્ષ અને ૭ મહિનાની બાળકી ત્રિયાંશી કૃપેશ ઘરડાંડીયાએ સ્વિમિંગના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિ મેળવીને 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે નોધાવ્યું છે. અત્યંત નાની ઉંમરે આવી મોટી સિદ્ધિ હાંસલ કરીને ત્રિયાંશીએ પોતાના પરિવાર તેમજ સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે.

બેકસ્ટ્રોક સ્વિમિંગમાં રચ્યો ઈતિહાસ: ત્રિયાંશીએ બેકસ્ટ્રોક સ્વિમિંગ સ્પર્ધામાં માત્ર ૨ મિનિટ અને ૩૭ સેકન્ડમાં નિયત અંતર પૂર્ણ કરીને આ રાષ્ટ્રીય રેકોર્ડ પોતાના નામે કર્યો છે. નાની ઉંમર અને મોટા સપનાઓ સાથે જો યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તો બાળકો કેવી કમાલ કરી શકે છે, તેનું જીવંત ઉદાહરણ ત્રિયાંશી બની છે.

કઠિન મહેનત અને પરિવારનો સહયોગ: ત્રિયાંશીના પિતા શુભમ ગ્રુપના બિલ્ડર કૃપેશ ઘરડાંડીયા, માતા છાયાલી અને કોચ મહાવીરસિંહ ગોહિલના સચોટ માર્ગદર્શન હેઠળ તેણે આ રેકોર્ડ હાંસલ કર્યો છે. બેકસ્ટ્રોક સ્વિમિંગની જટિલ ટેક્નીક અને સતત પ્રેક્ટિસ પર મહેનત કરીને તેણે આ સિદ્ધિ મેળવી છે.

લાયન્સ ક્લબ સાથે જોડાયેલા તેના દાદા-દાદી નવીનભાઈ અને ઉષાબેને જણાવ્યું હતું કે 'પરિવારે બાળપણથી જ ત્રિયાંશીની પ્રતિભાને ઓળખી તેને સ્વિમિંગ તરફ પ્રેરિત કરી હતી. જ્યારે તેના કાકા લોયર મિત ઘરડાંડીયાએ ત્રિયાંશીને વહાલથી 'જલપરી' ઉપનામ આપી સન્માનિત કરી છે.

મેડલ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાઈ :

ત્રિયાંશીની આ ઐતિહાસિક અને અદ્ભૂત સિદ્ધિ બદલ 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ' દ્વારા તેને મેડલ, સર્ટિફિકેટ અને રેકોર્ડ બુક આપીને વિધિવત રીતે સન્માનિત કરવામાં આવી હતી. ભવિષ્યમાં ત્રિયાંશી ઓલિમ્પિક જેવા મોટા વૈશ્વિક મંચ પર ભારતનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ સમગ્ર વાપી શહેર અને વિવિધ સંગઠનો તરફથી મળી રહી છે.

સરીગામ રોટરી ક્લબ દ્વારા હાથ ધરેલી સેવાકીય પ્રવૃત્તિ

પાલિકરમબેલી હળપતિ આશ્રમ ખાતે લાયબ્રેરીનું લોકાર્પણ અને માંડા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સામગ્રીનું વિતરણ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૧૧

રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા શૈક્ષણિક અને સામાજિક સેવાના ભાગરૂપે આજરોજ બે મહત્વપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. જેમાં પાલિકરમબેલી કાલય ખાતે વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રૂચિ વધે અને શૈક્ષણિક વિકાસ થાય તે હેતુથી હળપતિ આશ્રમ ખાતે નવી લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. આ લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓની સુવિધા માટે ૨૦ ખુરશીઓ, ૫ ટેબલ, ૨ કબાટ અને ૧૫૦થી વધુ પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર પ્રોજેક્ટનું સ્પોન્સરશિપ રોટરી ક્લબ ઓફ સરીગામના પ્રમુખ રોટે. રેશમાબેન રાવ દ્વારા કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે બીજી સેવાકીય પ્રવૃત્તિમાં માંડા પ્રાથમિક શાળાના આશરે ૨૦૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પુસ્તકો અને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે શ્રી દિપકભાઈ નંદા પ્રવીણભાઈ છાજેડ,ડો.આશિષ આરેકર,ડો.જહાન્વી આરેકર દ્વારા આર્થિક સહાય કરવામાં આવી હતી.

આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ સરીગામના સભ્યો, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સ્થાનિક ગ્રામજનો અને શિક્ષકોએ રોટરી ક્લબની આ સરાહનીય પહેલને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા અનુલક્ષીને પ્રતિબંધાત્મક જાહેરનામું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૧

વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કે.એસ.ડાભીએ ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧)ની કલમ -૩૭(૧) થી મળેલી સત્તાની રૂએ તા.૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિવિધ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામા અનુસાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની, સ્ફોટક પદાર્થ લઈ જવાની, કોઈપણ સરઘસમાં સળગતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની, વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવા કોઈપણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ હુકમ સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય કે પોલીસ અધિક્ષક વલસાડ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યક્તિ અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિ અને સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી પોલીસ સબ ઈન્સ્પેકટર કક્ષાના તમામ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન
કૃષિ, જમીન સંરક્ષણ અને બાગાયત વિભાગ
કૃષિ કાર્યાલય, દમણ. ૩૯૬૨૨૦.
ટેલીફોન –ફેક્સ :- 0260 2230856 ઈ-મેઈલ :- ddir-agri-dd@nic.in
Notice No.ZAO/DMN/Chi.fruit/2026-27/92, dated 10/08/2026

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે કૃષિ વિભાગ, દમણના સરકારી બીજ બહુલિકરણ ફાર્મ,કચીગામ સ્થિત ચીકુના ઝાડના ફળોની વર્ષ 2026-27 ની ફરીથી જાહેર હરાજી તારીખ 18/08/2026 ના સવારે 11.00 વાગ્યે, ખેડૂત ટ્રેનિંગ સેન્ટર, કચીગામ ખાતે રાખવામાં આવેલ છે.

રસ ધરાવતી એજન્સીઓ/ફળ વિક્રેતાઓ/વ્યક્તિઓએ ઉપરોક્ત તારીખ અને સમયે હાજર રહેવું. આ જાહેર હરાજીમાં ભાગ લેનારે ટીકન મની તરીકે રૂપિયા 5000/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) રોકડા ભરવાના રહેશે.

ઉપરોક્ત જાહેર હરાજીની નોટીસ અને તેની શરતો સહિતની વિસ્તૃત જાણકારી સરકારી વેબસાઇટ www.ddd.gov.in. ઉપર ઉપલબ્ધ છે. -Sd-
નિયામક-સહ-સંયુક્ત સચિવશ્રી(કૃષિ)
દા.ન.હ.અને દમણ અને દીવ

No. IP/DMN/2/5/2026-27/412, Dated: 10/08/2026

નવસારીથી સુરત તરફ જતા રસ્તાની ડાબી બાજુ મિંઢોળા નદીના જૂના બ્રીજ પરથી હેવી લોડેડ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૧૧

માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવસારીથી સુરત તરફના રસ્તાની ડાબી બાજુ આવેલા મિંઢોળા નદી પર આવેલા જૂના બ્રીજને તોડી તેની જગ્યાએ નવા બ્રીજના નિર્માણ માટેનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે. જેનુ ખાતમુહૂર્ત થયા બાદ કામગીરી શરૂ કરવામાં આવશે. જેને ધ્યાને લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે. એન.લિખિયાએ એક જાહેરનામા દ્વારા મિંઢોળા નદી પર આવેલા જૂના બ્રીજ પરથી હેવી લોડેડ વ્હીકલોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

નવસારીથી સુરત તરફ જતા ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગ તરીકે જૂના બ્રીજની બાજુમાં આવેલા નવા બ્રીજનો ઉપયોગ કરવાનો રહેશે. વાહનચાલકોને બ્રીજ પર ચાલી રહેલી કામગીરીને ધ્યાનમાં રાખી વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
૧૪/૦૮/૨૦૨૬ શુક્રવાર	દાદરા	૧૧ કેવી દાદરા ઈન્ડ.૩	દામોદર ગલી, પ્રમુખ આઈ.ઈ., આલોક માસ્ટરબેચ, શ્વેબ ઈન્ડ., વલસાડ ફલિયામાં બધા ઈન્ડ., સ્પાઈરલ ઈન્ડ. પંકજ શાહ

અસુવિધા બદલ દિલગીર છીએ.



વીજ ચોરી !! જેલની સજા.
(ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

આપની સેવા માં હરહંમેશ હાજર
Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

ફેડબેંક ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ. હરાજી નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છેકે, ફેડબેંક ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ એ એનપીએ (નોન-પર્ફોર્મિંગ એસેટ) અથવા માર્જિન ભંગ ખાતાઓ અથવા લોનના **નિયમો અને શરતો**માં ઉલ્લેખિત લોન રિકોલ કલમ હેઠળ આવતા કોઈપણ ખાતા(ઓ) (નીચે દર્શાવેલ) સાથે જોડાયેલા સોનાના દાગીનાની હરાજી કરવાનો નિર્ણય લીધો છે. હરાજી નીચે આપેલા સમયપ્રક મુજબ યોજાશે:

લોન એકાઉન્ટ નંબર	બેઝ બ્રાન્ચ	જિલ્લા ૧ સંપર્ક	જિલ્લા હરાજી તારીખ
FEDGL05260007104, 07173, 07226, 07300, 07315, 07321, 07328, 07338, 07368	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	11/09/2026
FEDGL05260007378, FEDGL05260007383	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	12/09/2026
FEDGL05260007384, 07386, 07392	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	14/09/2026
FEDGL05260007443, FEDGL05260007444	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	19/09/2026
FEDGL06410000454, FEDBD06410000117	દમણ - 9979356669	દમણ - 9979356669	21/09/2026
FEDGL05260007467	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	22/09/2026
FEDGL05260006963, FEDGL05260007222	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	23/09/2026
FEDGL05260007225	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	24/09/2026
FEDGL06410000464	દમણ - 9979356669	દમણ - 9979356669	25/09/2026
FEDGL05260005172	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	25/09/2026
FEDGL06410000471	દમણ - 9979356669	દમણ - 9979356669	28/09/2026
FEDBD05260000515	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	28/09/2026
FEDGL06410000473	દમણ - 9979356669	દમણ - 9979356669	29/09/2026
FEDGL05260007516, 07517, 07518, FEDBD05260000516	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	30/09/2026
FEDGL06410000475	દમણ - 9979356669	દમણ - 9979356669	01/10/2026
FEDGL05260004718	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	02/10/2026
FEDGL05260007540, FEDGL05260007542	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	03/10/2026
FEDGL05260004746, 07305, 07556	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	05/10/2026
FEDGL05260004795	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	12/10/2026
FEDGL05260004804, FEDGL05260004805	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	14/10/2026
FEDGL05260004827, 04830, 04833	સિલવાસા - 7622854705	સિલવાસા - 7622854705	19/10/2026

સ્થળ અથવા તારીખમાં કોઈપણ ફેરફાર, જો કોઈ હોય તો તે અમારી વેબસાઈટ https://www.fedfina.com/gold-loan/special-sections/auction-venue/ પર પ્રદર્શિત કરવામાં આવશે. જે ગ્રાહક પોતાના ઘરેણાં મુક્ત કરવા માંગે છે, તેઓ ઉપરોક્ત કોઈપણ શાખાઓની મુલાકાત લઈ શકે છે અથવા હરાજીની તારીખ પહેલા/લાગુ નિયમો અને શરતોને આધિન ઉપરોક્ત નંબર પર સંપર્ક કરી શકે છે. હરાજી સંબંધિત જિલ્લાઓમાં હાથ ધરવામાં આવશે. જો કોઈ કારણોસર હરાજી આપેલ તારીખે પૂર્ણ ન થાય, તો ઉપરોક્ત સમયપ્રક મુજબ આગામી કાર્યકારી દિવસે જિલ્લા સ્તરે સંબંધિત હરાજી હાથ ધરવામાં આવશે. હરાજી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ હરાજી પ્રક્રિયા ચાલુ રહેશે. જો જિલ્લા સ્તરે પ્રથમ ઓફલાઈન હરાજી નિષ્ફળ જાય, તો હરાજી SAMIL https://gold.samil.in અને/અથવા ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ લિમિટેડ (AuctionTiger) - https://egold.auctiontiger.net/ ના ઈ-હરાજી પ્લેટફોર્મ દ્વારા પણ શરૂ કરવામાં આવશે.
તમામ ભાગ લેનારા બોલી લગાવનારાઓને તેમના દ્વારા સબમિટ કરાયેલી બોલી સ્વીકારવા અથવા અસ્વીકાર કરવા અંગે પછીથી જાણ કરવામાં આવશે.

તારીખ: ૧૧.૦૮.૨૦૨૬
સ્થળ: દાદરા અને નગર હવેલી

સહી/- અધિકૃત સહીકર્તા વતી,
ફેડબેંક ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ.

CHANGE OF NAME

I HAVE CHANGE OF MY NAME FROM NIKHIL KUMAR PATEL TO **NEW NAME NIKHIL TULSIDAS PATEL ADD.** Q-22, PRAMUKH VIHAR, PHASE-3, NAROLI ROAD, SILVASSA-396230, UT OF DNH&DD

પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ૯૮/૪, પ્રાઈમા હાઉસ, દમણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કડૈયા, નાની દમણ, દમણ (સંઘપ્રદેશ) - ૩૯૬ ૨૧૦.
CIN - L25206DD1993PLC001470 ફોન.નં. 0260-2220445
ઈમેઈલ: cs@primaplastics.com વેબસાઈટ: www.primaplastics.com

૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટ્સ

પ્રાઈમા પ્લાસ્ટિક લિમિટેડ (''કંપની'')ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં, ઓડિટ સમિતિની ભલામણોના આધારે, સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) ૨૦૧૫ના નિયમન ૩૩ અનુસાર, ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે સ્ટેચ્યુટરી ઓડિટરના મર્યાદિત સમીક્ષા અહેવાલ સાથે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટ્સને મંજૂરી આપી છે.

ઉપરોક્ત નાણાકીય પરિણામો અને કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર્સના સ્વતંત્ર ઓડિટરનો અહેવાલ કંપનીની વેબસાઈટ https://primaplastics.com/quarterly_results પર ઉપલબ્ધ છે અને નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ એક્સેસ કરી શકાય છે:

પ્રાઈમા પ્લાસ્ટિક્સ લિમિટેડ વતી
સહી/-
ભાસ્કર એમ. પારેખ
ચેરમેન અને પૂર્ણ-સમય ડિરેક્ટર
DIN : 00166520

સ્થળ : મુંબઈ
તારીખ : ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬

પ્રાઈમા ઈનોવેશન લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : સર્વે નં. ૮૫/૧-૨, ૮૬/૧, દમણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કડૈયા, દમણ અને દીવ - ૩૯૬ ૨૧૦, ભારત.
CIN - U22207002024PLC010039 ફોન.નં. +91 22 28574768/69/1791
ઈમેઈલ: investor@primainnovation.in વેબસાઈટ: www.primainnovation.in

૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામો

પ્રાઈમા ઈનોવેશન લિમિટેડ (''કંપની'')ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં, ઓડિટ સમિતિની ભલામણોના આધારે, ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી છે, જે સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) ૨૦૧૫ના નિયમન ૩૩ હેઠળ કંપનીના વૈધાનિક ઓડિટર્સ સીએનકે એન્ડ એસોસિએટ્સ એલએલપી દ્વારા મર્યાદિત સમીક્ષાને આધિન છે.

ઉપરોક્ત નાણાકીય પરિણામો અને તેના પરના વૈધાનિક ઓડિટર્સના મર્યાદિત સમીક્ષા અહેવાલ કંપનીની વેબસાઈટ https://primainnovation.in/investor-corner/ પર ઉપલબ્ધ છે અને નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ એક્સેસ કરી શકાય છે:

પ્રાઈમા ઈનોવેશન લિમિટેડ વતી
સહી/-
પ્રતિક બી. પારેખ
એક્ઝિક્યુટિવ ચેરપર્સન અને મેનેજીંગ ડિરેક્ટર
DIN : 07323730

સ્થળ : મુંબઈ
તારીખ : ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

વાપીના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂા.૫૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી

નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ અને વાપી મનપાના અધિકારી-હોદ્દેદારોએ ચેક સ્વીકાર્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના વરદહસ્તે વાપી શહેરના સર્વાંગી વિકાસ માટે રૂા.૫૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. તા.૧૧-૦૮-૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે, ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીના વરદહસ્તે ચેક અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ જનકલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રાજ્ય સરકાર દ્વારા લોકહિતલક્ષી યોજનાઓ અને વિકાસકાર્યોને સતત વેગ આપવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે વાપી શહેરના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી સતીશભાઈ પટેલ તથા મ્યુનિસિપલ કમિશનરશ્રી એન.એફ. ચૌધરી દ્વારા વાપી શહેરના સર્વાંગી વિકાસ માટે રૂ.૫૫ કરોડની ગ્રાન્ટનો ચેક સ્વીકારવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના માર્ગદર્શન હેઠળ વાપી શહેરના માળખાકીય સુવિધાઓના વિકાસ, નાગરિક સુખાકારી અને સર્વાંગી પ્રગતિને વધુ વેગ મળશે.

વાપી મોરાઈમાં નિર્માણાધિન ટાંકીની લીફ્ટ નીચે પટકાતા મજૂરનું ઘટના સ્થળે દર્દનાક મોત

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

વાપી નજીક આવેલ મોરાઈ ગામમાં નવી સરકારી પાણી ટાંકીનું નિર્માણ કાર્ય હાલમાં ચાલી રહ્યું છે. નિર્માણ કામમાં વપરાતી લીફ્ટ ગતરોજ બપોરે અચાનક તૂટી પડી હતી. લીફ્ટ નીચે પટકાતા ફરજ ઉપર રહેલા મજુરનું ઘટના સ્થળે દર્દનાક મોત નિપજ્યું હતું. ઘટનાને સ્થાનિક વિસ્તારમાં ગમગીની સાથે ચકચાર મચી જવા પામી હતી.

મોરાઈ ગામે હાલમાં નવી સરકારી પાણી ટાંકીનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. જેમાં ચાર પાંચ મજુરો કામ કરી રહ્યા હતા. તે દરમિયાન મટેરીયલને લીફ્ટીંગ

મંગલ સિંહ નામના મજૂરનું મોત : બે પૂત્રી અને પત્નીએ શબ પાસે બેસી વિલાપ કરતા ન્યાય માંગ્યો

કરતી લીફ્ટ અચાનક તૂટી પડી હતી. ફરજ ઉપર રહેલ મંગલ સિંહ નામના મજુરનું ઘટના સ્થળે દર્દનાક મોત થયું હતું. બે દિકરી અને પત્ની શબની પાસે બેસી ભારે આક્રંદ અને વિલાપ કરતા ઉપસ્થિતોની આંખોમાં પણ આસું આવી ગયા હતા. પરિવારે ન્યાય માટેની માંગણી કરી હતી.

સરકારી કામકાજમાં સલામતિ માટેનો સવાલ ઉભો થયો હતો. મજુરોની કોઈપણ પ્રકારની સલામતિ માટે જોગવાઈ જોવા મળી નહોતી. ઘટનાની જાણ બાદ ઘટના સ્થળે પહોંચેલી પોલીસ શબનો કબજો લઈને પી.એમ. માટે મોકલી આપી હતી. વધુ આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

ધરમપુરમાં નવા બરુમાળ (ગ્રામીણ) સબ-ડિવિઝન અને ધરમપુર (અર્બન) સબ-ડિવિઝનને મળી મંજૂરી

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણાં મંત્રી કનુભાઈ દેસાઈનો આભાર માનતા ધરમપુર શહેર અને તાલુકાના નાગરિકો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાની રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈને કરવામાં આવેલ રજૂઆતો સંદર્ભે ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ધરમપુર વિસ્તારના વીજ ગ્રાહકોની સુવિધા અને સુચારૂ વ્યવસ્થા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. DGVCL હેઠળ હાલના સબ-ડિવિઝનોનું પુનર્ગઠન કરીને નવા બરુમાળ (ગ્રામીણ) સબ-ડિવિઝન (Barumal Rural Sub-Division) ની રચના કરવા માટે રાજ્ય સરકારે સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત, ધરમપુર-I (ગ્રામીણ) સબ-ડિવિઝનનું પુનર્ગઠન કરી તેને ધરમપુર-I (અર્બન/શહેરી) સબ-ડિવિઝનમાં રૂપાંતરિત કરવાની મંજૂરી પણ આપી દેવામાં આવી છે.

સરકારના આ પ્રજાલક્ષી નિર્ણયથી ધરમપુર શહેર તેમજ સમગ્ર તાલુકાના ગ્રામીણ વિસ્તારોના વીજ ગ્રાહકોને વધુ ઝડપી અને ગુણવત્તાસભર સેવાઓ મળી રહેશે. આ નવી વ્યવસ્થાને પરિણામે વહીવટી કામગીરી વધુ સરળ બનશે અને સ્થાનિક કક્ષાએ લોકોની વીજ સંબંધિત સમસ્યાઓનો ઝડપી ઉકેલ આવશે.

નવી જગ્યાઓની પણ મંજૂરી: આ નવા સબ-ડિવિઝનને સુચારૂ રીતે ચલાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કુલ ૪૧ મહેકમ/જગ્યાઓ (૧૬ નવી જગ્યાઓ+૨૫ ટ્રાન્સફર કરાયેલી જગ્યાઓ) મંજૂર કરવામાં આવી છે, જેનાથી સ્થાનિક કક્ષાએ વીજ સેવાઓનું કામકાજ વધુ સુદ્રઢ બનશે.

લોકોમાં હરખની હેલી અને નેતૃત્વનો આભાર: આ મહત્વપૂર્ણ વહીવટી નિર્ણય બદલ ધરમપુર શહેર અને સમગ્ર તાલુકાના પ્રજાજનો, સ્થાનિક અગ્રણીઓ અને વીજ ગ્રાહકોમાં ભારે આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી ગઈ છે.

ધરમપુરની જનતા ગુજરાત રાજ્યના મૃદુ અને દ્રઢ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા લોકપ્રિય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. લોકોનું કહેવું છે કે સરકારના આ નિર્ણયથી ધરમપુર તાલુકાના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારો સહિત સમગ્ર વિસ્તારના વિકાસને નવી દિશા મળશે.

વાપી છીરી શાંતિનગર વિસ્તારમાં રાત્રે ટાવર ઉપર પિધ્ધડ ચઢી ગયો : આ વિસ્તારમાં ટાવર ઉપર ચઢવાનો બીજો બનાવ

જબ્બાર નામનો યુવક નશામાં ચૂર બની ટાવર ઉપર ચઢી ભારે તમાસો મચાવ્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

વાપી છીરી વિસ્તારમાં આવેલ એક મોબાઈલ ટાવર ઉપર સોમવારે રાત્રે ૯:૦૦ વાગ્યાના સુમારે એક યુવાન ટાવર ઉપર ચઢી ગયો હતો અને તમાસો મચાવી દીધો હતો. આ વિસ્તારમાં ટાવર ઉપર ચઢી તમાસો કરવાનો આ બીજો બનાવ બન્યો છે.

છીરીના શાંતિનગર વિસ્તારમાં રાત્રે ૯ વાગ્યાના સુમારે દારૂના નશામાં ચકચૂર જબ્બાર નામનો યુવાન હાઈ રાઈઝ મોબાઈલ ટાવર ઉપર ચઢી જેમ તેમ બુમો બરાડા પાડી રહ્યો હતો. ઘટના ઘટતા સેંકડો લોકો એકઠા થઈ ગયા હતા. પરંતુ યુવાન કોઈની પણ વાત માનતો નહોતો. લોકો સમજાવતા રહેલા માથા ફરેલ આ યુવાનની હરકતોની જણ લોકોએ પોલીસ અને ફાયર વિભાગને કરી હતી. પરંતુ કલાકો સુધી કોઈ એજન્સી ઘટના સ્થળે પહોંચી નહોતી. છીરી રામનગર વિસ્તારમાં હાઈ રાઈઝ ટાવર ઉપર ચઢી જવાની આ બીજી ઘટના ઘટી છે, ત્યારે વધુ ચકચારી બની છે ટાવર આસપાસ કોઈ સેફ્ટી કે પ્રોટેક્શન સુવિધા નહી હોવાથી દારૂડીયાઓ માટે આવા તમાસા કરવાની ચેષ્ટાઓ સામે કડક કાર્યવાહીની લોકોએ માંગ કરી છે.

ધરમપુર રાજપુરી તલાટ ગામે વર્ષો જૂના આંબલીના ઝાડ, ડાળીયો કાપવાનો મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

તા.૧૧/૦૮/૨૦૨૬ ના દિને ધરમપુર પોલીસ સ્ટેશન ખાતે અગાઉ તા.૦૮/૦૮/૨૦૨૬ ના દિને ધરમપુર તાલુકાના રાજપુર તલાટ ગામે મેઈન રસ્તા પરથી પરથી વર્ષો જૂનું આંબલીનું ઝાડની મોટી ડાળીઓ કાપી નાખી હતી જે બાબતે ગામમાંથી કોઈક દ્વારા વહીવટી તંત્રને ફરિયાદ કરવામાં આવી હતી અને જે બાબતે ગામના માજી સરપંચ દિલીપ પટેલનો દીકરો દાવુંભાઈ દિલીપભાઈ પટેલ, રાહુલ શિવરામભાઈ પટેલ, દીક્ષિતભાઈ દેવીનભાઈ પટેલ, વિશાલભાઈ તમામ રહે.રાજપુર તલાટ સાથે ૩૦ થી વધારે લોકો દ્વારા કેતનભાઈ સુરેશભાઈ પટેલને બોલાવી અને ધાક-ધમકી આપવામાં આવે છે કે અમારા વિરુદ્ધમાં કેમ ફરિયાદ કરી છે પરંતુ કેતનભાઈ દ્વારા કોઈને ફરિયાદ કરી ન હતી છતાં આ માથા ભારે લોકો પોતાનો ખોફ ઉભો કરવા નાના માણસોને હંમેશા ડરાવતા આવ્યા છે જે બાબતે આજરોજ ધરમપુર પીઆઈને રજૂઆત કરતા તમામના અટકાયતી પગલાં લેવામાં આવ્યા હતા.

સવાલ એ થાય છે કે નિગમમાં ફરિયાદ કરવા છતાં એમના દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવી અને કાર્યવાહી કરવામાં આવી હોઈ તો શું કાર્યવાહી કરી અથવા વહીવટી તંત્રના આ લોકો સુધી પહોંચવામાં હાથ ટૂંકા પડે છે.

આજે ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે ડો. વિક્રમ સારાભાઈની ૧૦૭મી જન્મજયંતિ ઉજવાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૧

ધરમપુર સ્થિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા.૧૨ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સવારે ૧૧થી બપોરે ૨ વાગ્યા દરમિયાન ડૉ.વિક્રમ સારાભાઈની ૧૦૭મી જન્મજયંતિની ઉજવણી કરાશે.

આ અવસર નિમિત્તે વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓમાં વિજ્ઞાન તથા અંતરિક્ષ વિજ્ઞાન પ્રત્યે રસ અને જિજ્ઞાસા વધે તે હેતથી વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત “Dr. Vikram Sarabhai – The Visionary Behind India's Space Programme” વિષય પર લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન આપવામાં આવશે. આ વ્યાખ્યાન દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈના પ્રેરણાદાયક જીવનપ્રસંગો, ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના વિકાસમાં તેમનું યોગદાન તેમજ સમાજના વિકાસ માટે વિજ્ઞાન અને અંતરિક્ષ ટેક્નોલોજીના ઉપયોગ અંગે માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત ડૉ. વિક્રમ સારાભાઈના ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના યોગદાનને દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મનું સ્ક્રીનિંગ પણ કરવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન Hands on Activity અંતર્ગત વોટર રોકેટ બનાવવાની તથા તેના પ્રક્ષેપણની પ્રવૃત્તિ યોજાશે, જેમાં ભાગ લેનાર પ્રતિભાગીઓને રોકેટના કાર્યસિદ્ધાંત અને પ્રક્ષેપણ પાછળ રહેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રાયોગિક રીતે સમજવાની તક મળશે. સાથે જ વિજ્ઞાન ‘ડૉ. વિક્રમ સારાભાઈના જીવન આધારિત’ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું છે, જેના દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક જ્ઞાન અને વિજ્ઞાન પ્રત્યેની જિજ્ઞાસાને પ્રોત્સાહન મળશે. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિજ્ઞાનપ્રેમીઓ, તેમજ સામાન્ય નાગરિકોને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર સહભાગી બનવા જણાવાયું છે.

નાનાપોંઢામાં તમાકુ વેચાણ સામે ટાસ્ક ફોર્સ દ્વારા આકસ્મિક ચેકિંગ: ૩૧ દુકાનદારો પાસેથી રૂા.૬૨૦૦નો દંડ વસુલાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૧

સરકારશ્રીના રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કલેક્ટરશ્રી વલસાડના અધ્યક્ષતામાં વલસાડ જિલ્લા તમાકુ કે તમાકુની બનાવટનું બિન અધિકૃત રીતે વેચાણ અને આનુસંગિક નિયમ માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલી છે.

વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ અને ડ્રગ વિભાગ સાથે મળી સ્ટીયરીંગ કમિટી દ્વારા નાનાપોંઢા તાલુકામાં મોટાપોંઢા, નાનાપોંઢા અને બાલચોંડી વિસ્તારમાં ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના મોટા પાનના ગલ્લા અને પાર્લરના કુલ ૩૧ દુકાનદારો પાસેથી રૂા.૬૨૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

તદ્ઉપરાંત કલમ-૪ જાહેરમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ તથા કલમ-૬ (અ)૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. તથા કલમ-૬(બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકની વેચાણ પર પ્રતિબંધ છે તેવી ચેતવણી આજુબાજુનાં પાનના ગલ્લાવાલાવાળાઓને આપવામાં આવી હતી. તેઓને ‘તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકનું વેચાણ પર પ્રતિબંધ છે. આવી આરોગ્ય વિષયક સમજ પણ આપી હતી. આ કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.એ.કે.સિંહ, એપેડેમિક મેડીકલ ઓફિસરશ્રી ડો.મનોજ પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડીસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગમાંથી પી.સી.શ્રી. વાય.બી. રાઉત અને ડબલ્યુ.એચ.સી.અરૂણા ડી., ડ્રગ વિભાગમાંથી પી.એન.માંગુકીયા અને જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલમાંથી કાઉન્સેલર સુમિત્રાબેન બાગુલ અને સોશિયલ વર્કરશ્રી એ.એ.પટેલ તથા ટી.એમ.પી.એચ.એસ. શ્રી ભાવેશ ચૌહાણ હાજર રહી સફળતાપૂર્વક કામગીરી કરવામાં આવી હતી.

ધરમપુર સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે ૧૩ ઓગસ્ટે ‘યુવા સંવાદ’ કાર્યક્રમ યોજાશે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

ગુજરાત રાજ્યની યુવા પેઢીમાં વાંચનની ટેવ કેળવાય અને વધુમાં વધુ યુવાનો ગ્રંથાલયોના ઉપયોગકર્તા બને તેવા હેતુથી ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતા દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સરકારી ગ્રંથાલયોમાં ‘યુવા સંવાદ’ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ અંતર્ગત સરકારી તાલુકા પુસ્તકાલય, ધરમપુર, જિલ્લા વલસાડ ખાતે તા.૧૩ ઓગસ્ટ, ૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ‘યુવા સંવાદ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં ધરમપુર તાલુકાના યુવાનો અને યુવતીઓ સાથે સંવાદ કરી તેમને માર્ગદર્શન આપવા માટે ડો.ભાવેશ વાળા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન યુવાનો સાથે વાંચન, વ્યક્તિત્વ વિકાસ, કારકિર્દી સહિતના વિવિધ વિષયો અંગે સંવાદ કરવામાં આવશે.

ધરમપુર તાલુકાના તમામ યુવાનો-યુવતીઓ તેમજ પુસ્તકાલયના વાચકમિત્રોને આ ‘યુવા સંવાદ’ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વાપી કરણી સેના દ્વારા રોલ બેકની માંગણી હેતુ વાપીથી વલસાડ સુધી પદયાત્રા યોજાઈ: વલસાડમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

વાપીમાં કાર્યરત કરણી સેના દ્વારા આજે મંગળવારે યુજીસી રોલ બેકની માંગણી હેતુ વાપીથી વલસાડ સુધીની પદયાત્રા યોજાઈ હતી. પદયાત્રા વલસાડ કલેક્ટર કચેરીએ પહોંચીને કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

યુજીસી એટલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમીશન છે. જે ભારત સરકારની સંસ્થાએ ભારતમાં ઉચ્ચ શિક્ષણનું સ્તર જાળવવા માટે તેમજ યુનિવર્સિટીઓને માન્યતા અને કોલેજોને નાણાંકીય સહાય ગ્રાન્ટ આપવાની કામગીરી કરે છે. તેની કામગીરી અંગે કરણી સેનાએ અસંતોષ સાથે કામકાજની પ્રણાલી અંગે વિરોધ કર્યો છે. તે માટે આજે વાપીથી વલસાડ સુધી કરણી સેનાએ પદયાત્રા યોજી યુજીસી રોલ બેકની માંગણી સાથે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.